સુવિચાર
સમય અને ભાગ્ય બંને પરિવર્તનશીલ છે, માટે એના પર ક્યારેય અભિમાન ના કરવું જોઈએ...

RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક


ગોંડલના પ્રમુખનગરમાં ઘરમાં જ બિયર બાર બનાવનાર શખ્સ ઝડપાયો
P-4

Year-16, Issue-279 ■ DATE : 12-03-2026 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ટ્રમ્પના ફરી ઉધામા : ભારત સહિતના દેશો પર નવા ટેરિફ એટેકની તૈયારી

## સુપ્રિમ કોર્ટ તરફથી ટેરિફ મામલે પછડાટ મળતા ટ્રમ્પે નવો રસ્તો શોધ્યો : ભારત, ચીન સહિત ૧૬ દેશો નિશાન પર : ટ્રમ્પ તંત્ર ૧૯૭૪ના વેપાર કાયદાની કલમ ૩૦૧ હેઠળ આ વેપાર તપાસ શરૂ કરી રહ્યું છે



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

જ્યારે અમેરિકા ઈરાન સાથે ભયંકર યુદ્ધ લડી રહ્યું છે ત્યારે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અનેક દેશો પર નવો ટેરિફ બોમ્બ ફેંકવાની તૈયારી કરી રહ્યા છે. ટ્રમ્પ વહીવટીતંત્રે તેના ૧૬ વેપારી ભાગીદારો સામે નવી વેપાર તપાસ શરૂ કરી છે, જેમાં તેમના પર વધુ પડતી ક્ષમતાનો આરોપ મૂકવામાં આવ્યો છે, અને એવું માનવામાં આવે છે કે અમેરિકાના આ પગલાથી આખરે નવા આયાત ટેરિફ લાગી શકે છે. ટ્રમ્પની યાદીમાં ભારત, ચીન અને અન્ય ઘણી અર્થવ્યવસ્થાઓનો સમાવેશ થાય છે.

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર ૧૯૭૪ના વેપાર કાયદાની કલમ ૩૦૧ હેઠળ આ વેપાર તપાસ શરૂ કરી રહ્યું છે. આ તપાસનો હેતુ વેપારી ભાગીદારોને વધુ એક ફટકો આપવાનો હોવાનું કહેવાય છે. હકીકતમાં, આ એક એવું પગલું છે જેના કારણે સુપ્રીમ કોર્ટે ટ્રમ્પની મુખ્ય ટેરિફ નીતિને રદ કર્યા પછી અમેરિકા નવા ટેરિફ લાદી શકે છે. બુધવારે, યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ ઓફિસે આ કલમ હેઠળ બે અલગ અલગ તપાસની જાહેરાત કરી હતી.

અહેવાલો અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા શરૂ કરાયેલી બે અલગ અલગ તપાસમાંથી એક ભારત અને ચીન સહિતના મુખ્ય વેપારી ભાગીદારોમાં વધારાની ઔદ્યોગિક ક્ષમતાની તપાસ કરશે. આનો અર્થ એ છે કે ટ્રમ્પ માને છે કે અમેરિકાના ઘણા મુખ્ય વેપારી ભાગીદારોએ તેમની ઉત્પાદન ક્ષમતાનો અતિશય વિસ્તાર કર્યો છે, જે અમેરિકા માટે હાનિકારક છે. બીજી તપાસ બળજબરીથી મજૂરીનો ઉપયોગ કરીને ઉત્પાદિત માલ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત સહિત વિશ્વભરના અનેક દેશો પર અન્યાયી વેપાર પ્રથાઓનો આરોપ લગાવ્યો છે. આને લઈને ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત સહિત આ દેશો સામે નવી તપાસ શરૂ કરી છે. આ પગલું ભવિષ્યમાં વધારાના ટેરિફ જેવા દંડનો માર્ગ મોકળો કરી શકે છે. યુએસ સુપ્રીમ કોર્ટે તાજેતરમાં ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા અગાઉના ટેરિફને રદ કર્યા પછી આ કાર્યવાહી કરવામાં આવી છે. આ પછી, ટ્રમ્પ વહીવટીતંત્ર અન્ય વિકલ્પો શોધી રહ્યું છે.

અમેરિકા દ્વારા શરૂ કરાયેલી આ તપાસ ખાસ કરીને વધારાની ઔદ્યોગિક ક્ષમતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ તપાસના ક્ષેત્રમાં ભારત, યુરોપિયન યુનિયન, ચીન, જાપાન અને અન્ય ઘણા દેશોનો સમાવેશ થાય છે. નિષ્ણાતો માને છે કે આ પગલું તેના મુખ્ય વેપારી ભાગીદારો સાથે તણાવ વધારી શકે છે.

અહેવાલો અનુસાર, યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીરે જણાવ્યું હતું કે નીતિ એ જ રહેશે, જોકે કોર્ટના નિર્ણયો અને અન્ય પરિબળોના આધારે પગલાં બદલાઈ શકે છે. તેમણે ભાર મૂક્યો હતો કે ધ્યેય અમેરિકન નોકરીઓનું રક્ષણ કરવાનો છે. ગ્રીરે જણાવ્યું હતું કે આ બેવડી તપાસ એવા દેશો પર ધ્યાન કેન્દ્રિત કરશે જ્યાં ઉત્પાદન ઉત્પાદન વાસ્તવિક બજાર માંગ સાથે વિરોધાભાસી લાગે છે.

સુપ્રીમ કોર્ટમાં તેમની હાર છતાં, ટ્રમ્પે અનેક પગલાં લીધાં, જેમાં અનેક વૈશ્વિક ટેરિફ લાદવાનો સમાવેશ થાય છે, અને હવે તેમણે તેમની ટેરિફ યોજનાના ભાગ રૂપે આની જાહેરાત કરી છે. ભારત અને ચીન ઉપરાંત, યુરોપિયન યુનિયન, જાપાન, દક્ષિણ કોરિયા, મેક્સિકો, તાઇવાન, વિયેતનામ, થાઈલેન્ડ, મલેશિયા, કંબોડિયા, સિંગાપોર, ઈન્ડોનેશિયા, બાંગ્લાદેશ, સ્વિટ્ઝર્લેન્ડ અને નોર્વે આ યુએસ તપાસ દ્વારા લક્ષિત દેશોમાં શામેલ છે. ગ્રીરે કહ્યું, અમારી પાસે પુરાવા છે...

યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ ગ્રીરે એક કોન્ફરન્સ કોલ દરમિયાન પત્રકારોને જણાવ્યું હતું કે, આ તપાસ એવા અર્થતંત્રો પર ધ્યાન કેન્દ્રિત કરશે કે જેની પાસે વિવિધ ઉત્પાદન ક્ષેત્રોમાં માળખાકીય વધારાની ક્ષમતા દર્શાવવા માટે પૂરતા પુરાવા છે, જેમ કે મોટા સતત વેપાર સરપ્લસ અથવા ઓછા ઉપયોગમાં લેવાયેલી અથવા ન વપરાયેલી ક્ષમતા દ્વારા.

તેમણે એમ પણ કહ્યું કે આ નવી તપાસ ઉનાળા સુધીમાં ટેરિફ પગલાં માટે માર્ગ મોકળો કરી શકે છે, કારણ કે ગયા ફેબ્રુઆરીમાં ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા કામચલાઉ વૈશ્વિક ટેરિફ જુલાઈમાં સમાપ્ત થાય છે, અને તે પહેલાં તપાસ પૂર્ણ થવાની તૈયારી છે.

જેમીસન ગ્રીરે કહ્યું, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ટેરિફ લાદવા માટે કટિબદ્ધ છે અને અન્યાયી વેપાર પ્રથાઓને સંબોધવાનો માર્ગ શોધી કાઢશે. તેઓ આપણી વેપાર ખાધ ઘટાડવા અને અમેરિકન ઉત્પાદનને સુરક્ષિત કરવાનો માર્ગ શોધી કાઢશે. આમ કરવા માટે અમારી પાસે ઘણા સાધનો ઉપલબ્ધ છે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૯૩/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૬૩/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |




| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૬૩,૩૭૦ | ₹૨,૮૯,૯૦૦ |
| | +૧૦ | -૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૨.૩૧ | ₹૧૨૩.૪૩ |

# ક્રુડતેલના ભાવમાં ફરી વધારો : ૧૦૦ ડોલરને પાર



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મધ્ય પૂર્વમાં ચાલતું ભીષણ યુધ્ધ ગમે ત્યારે સમાપ્ત થઇ શકે તેવા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના દાવાથી ક્રૂડ સહિતની કોમોડીટીમાં સર્જાયેલી રાહત ફરી ગાયબ થઇ ગઇ હોય તેમ આજે ક્રૂડ ફરી ઉછળીને ૧૦૦ ડોલરને પાર થઇ ગયું હતું. કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો પણ વધુ પટકાયો હતો. પરિણામે મોંઘવારીનું નવું જોખમ સર્જાયું છે.

મધ્ય પૂર્વનું યુધ્ધ વધુ વિનાશક બનતું હોય તેમ તેલ ડેપો-રીફાઇનરી-બંદરો પર હુમલા સાથે તેનો કચ્ચરઘાણ નીકળી રહ્યો હોવાથી પેટ્રોલીયમ મોરચે નવેસરથી ગભરાટની હાલત ઉભી થઇ છે.

જી-૨૦ દેશોએ ક્રૂડની સંભવિત અછત દૂર કરવા તથા ભાવ પર નિયંત્રણ મુકવા માટે ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીએ અનામત જથ્થામાંથી ૪૦૦ મીલીયન બેરલનો સૌથી મોટો સ્ટોક રીલીઝ કરવાનું એલાન કર્યું હોવા છતાં ક્રૂડતેલમાં સર્જાયેલી તેજીને સૂચક ગણવામાં આવે છે. ૪૦૦ મીલીયન બેરલમાંથી અમેરિકા ૧૭૨ મીલીયન બેરલનું યોગદાન આપશે અને આવતા સપ્તાહથી જ ક્રૂડ રીલીઝ કરવા લાગશે.

ક્રૂડતેલમાં અનામત જથ્થો રીલીઝ થવા છતાં ભાવમોરચે કોઇ રાહત ન હોય તેમ આજે ૮ થી ૯ ટકાનો વધારો હતો. ડબલ્યૂટીઆઇ ક્રૂડ ૮ ટકા વધીને ૯૪.૪૩ ડોલર સાંપડ્યું હતું, જ્યારે બ્રેન્ટ ક્રૂડ ૧૦૦ ડોલરને વટાવીને ૧૦૦.૧૧ ડોલર સાંપડ્યું હતું.

બીજી તરફ કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો વધુ પટકાયો હતો અને ૨૬ પૈસાના ઘટાડાથી ૯૨.૩૦ હતો. ભારતને લાગે વળગે છે ત્યાં સુધી ક્રૂડ તેલ સહિતની કોમોડીટીના ઉંચાભાવ-અછત ઉપરાંત નબળા રૂપિયાની પણ વિપરીત અસર થઇ શકે છે.

# ગુજરાતના ૪ મહાનગરોમાં હવે ખુલશે નમો સ્વદેશી અર્બન મોલ

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'આત્મનિર્ભર ભારત' અને ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવા માટે ગુજરાત સરકાર દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ પ્રોજેક્ટની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા રાજ્યની ચાર પ્રમુખ મહાનગરપાલિકાઓ અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટમાં એક-એક નમો સ્વદેશી અર્બન મોલ સ્થાપિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ પહેલનો મુખ્ય હેતુ સ્થાનિક કલા-કારીગરીને પ્રોત્સાહન આપી નાના ઉત્પાદકોને વેચાણ માટે કાયમી પ્લેટફોર્મ પૂરું પાડવાનો છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા અમલમાં મુકાનારી આ યોજના અંતર્ગત બનનારા નમો સ્વદેશી અર્બન મોલ માત્ર શોપિંગ સેન્ટર નહીં, પરંતુ સ્થાનિક આર્થિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનશે. અત્યાર સુધી મેળાઓ અને કામચલાઉ પ્રદર્શનો પર નિર્ભર રહેતા કારીગરો, સ્વ-સહાય જૂથોની બહેનો, શેરી ફેરિયાઓ અને નાના ઉદ્યોગકારોને હવે મહાનગરોની મધ્યમાં આધુનિક બજાર વ્યવસ્થા પ્રાપ્ત થશે. આ મોલને કારણે ગ્રાહકોને વિવિધ પ્રકારની સ્વદેશી ચીજવસ્તુઓ એક જ છત નીચેથી મળી રહેશે, જેનાથી શહેરીજનોમાં સ્વદેશી વસ્તુઓ પ્રત્યે આકર્ષણ અને પ્રોત્સાહન વધશે.

વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન રાજ્યની ૧૬ મહાનગરપાલિકાઓમાં પ્લાસ્ટિક ફ્રી સ્વદેશી ફેસ્ટિવલનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનોમાં મળેલી વ્યાપક સફળતાને ધ્યાને રાખીને સરકાર હવે તેને કાયમી સ્વરૂપ આપી રહી છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં આ અર્બન મોલના નિર્માણ અને સ્વદેશી મેળાઓના આયોજન માટે કુલ ૪૫ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજના દ્વારા ખરીદદારો અને ઉત્પાદકો વચ્ચેનો સીધો સંપર્ક સ્થાપિત થશે, જે વચેટિયાઓની પ્રથા દૂર કરી કારીગરોને તેમના ઉત્પાદનનું યોગ્ય વળતર અપાવશે. નમો સ્વદેશી અર્બન મોલનો ઉપયોગ માત્ર કાયમી દુકાનો માટે જ નહીં, પરંતુ સમયાંતરે યોજાતા હાટ, પ્રદર્શનો અને વિવિધ સાંસ્કૃતિક મેળાઓ માટે પણ કરવામાં આવશે. સરકારની આ દીર્ઘદ્રષ્ટિવાળી પહેલ સ્થાનિક રોજગારીમાં વધારો કરશે અને 'મેક ઈન ઈન્ડિયા' અભિયાનને વધુ વેગ આપી નાના કારીગરોને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવાની દિશામાં માઈલસ્ટોન સાબિત થશે.

# અમદાવાદ મેટ્રોપોલિટન કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

અમદાવાદ મેટ્રોપોલિટન કોર્ટ (ઘી કાંટા)ને આજે(૧૨ માર્ચ) બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે. ઘટનાની જાણ થતાં જ ફાયરવિભાગની ત્રણ ગાડીઓ કોર્ટ સંકુલમાં પહોંચી ગઈ છે. હાલ આખી બિલ્ડિંગ ખાલી કરાઈ છે અને પોલીસ દ્વારા તપાસ ચાલું કરાઈ છે. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી માત્ર હાઈકોર્ટ અને ગ્રામ્ય કોર્ટને ઉડાવવાની ધમકીઓ મળી હતી, જ્યારે આ વખતે ઘી કાંટા ખાતે આવેલી મેટ્રો કોર્ટને બોમ્બથી ઉડાવવાની પ્રથમવાર ધમકી મળી છે. અમદાવાદની મેટ્રોપોલિટન કોર્ટને બોમ્બથી ઉડાડવાની ધમકી મળતા સમગ્ર વિસ્તારમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખી ફાયર વિભાગની ત્રણ ગાડીઓ સહિત સ્થાનિક પોલીસ, ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી છે અને સુરક્ષાના કારણોસર આખી બિલ્ડિંગ તેમજ અપના બજારમાં કાર્યરત કોર્ટના વિભાગોને પણ ખાલી કરાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ઝોન-૨ ડીસીપી ભરત રાઠોડે જણાવ્યું હતું કે, તમામ લોકોને સલામત રીતે બહાર કાઢી લેવાયા છે અને હાલ સઘન ચેકિંગ ચાલી રહ્યું છે.

# LPG સિલિન્ડર પ્લાન્ટ્સની સુરક્ષા વધારવા કેન્દ્રનો રાજ્યોને આદેશ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ભારતમાં LPG સિલિન્ડરના પુરવઠામાં અવરોધ આવવાની આશંકા વચ્ચે કેન્દ્ર સરકાર એક્શનમાં આવી છે. મંગળવારે કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન દ્વારા તમામ રાજ્યોના મુખ્ય સચિવો અને DGPs સાથે એક મહત્ત્વની બેઠક યોજવામાં આવી હતી. આશરે ૨ કલાક ચાલેલી આ બેઠકમાં દેશભરમાં LPGની ઉપલબ્ધતાની સમીક્ષા કરવામાં આવી હતી અને ઘરેલું ગેસનો પુરવઠો કોઈપણ અડચણ વગર ચાલુ રહે તે માટે જરૂરી નિર્દેશો આપવામાં આવ્યા હતા.



કેન્દ્ર સરકારે રાજ્યોને LPG બોટલિંગ પ્લાન્ટ્સ, ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક અને પરિવહન વાહનોની સુરક્ષા સઘન બનાવવાના આદેશ આપ્યા છે. આ ઉપરાંત, સ્થાનિક સ્તરે ગેસના પુરવઠાનું રોજબરોજ મોનિટરિંગ કરવા અને કાળાબજારી કરનારાઓ સામે કડક હાથે કામ લેવા જણાવાયું છે. લોકોમાં ફેલાતી અફવાઓને ડામવા માટે ગૃહ મંત્રાલયે રાજ્યોને જનજાગૃતિ અભિયાન શરૂ કરવા તેમજ સોશિયલ મીડિયા પર ફેક ન્યૂઝ કે જૂના વીડિયો દ્વારા ગભરાટ ફેલાવતા તત્વો વિરુદ્ધ તાત્કાલિક કાર્યવાહી કરવા સૂચના આપી છે.

બેઠકમાં એ માહિતી પણ આપવામાં આવી હતી કે, રિફાઈનરીઓને LPG ઉત્પાદન વધારવા અને ઘરગથ્થુ ગ્રાહકોને પ્રાથમિકતા આપવા માટે આદેશ આપવામાં આવ્યા છે. હાલમાં હોટલ અને રેસ્ટોરન્ટ જેવા વ્યાપારી એકમો માટે LPG વિતરણ પર અમુક નિયંત્રણો લાદવામાં આવ્યા છે, પરંતુ હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓ જેવી આવશ્યક સેવાઓને આમાંથી મુક્તિ આપવામાં આવી છે. ગૃહ મંત્રાલયે પરિસ્થિતિ પર ચોવીસ કલાક નજર રાખવા માટે એક ખાસ કંટ્રોલ રૂમ પણ કાર્યરત કર્યો છે, જેથી રાજ્યો સાથે રીયલ-ટાઈમ સંકલન સાધી શકાય.

# યુદ્ધ રોકવા ઈરાને આકરી શરતો મુકી

**મુખ્ય સમાચાર, તહેરાન**

અમેરિકા અને ઈઝરાયેલનું ઈરાન સાથેનું યુદ્ધ હાલ નિર્ણયો તબક્કે પહોંચી રહ્યું છે અને ઈરાક જડબાતોડ જવાબ આપી રહ્યું છે આ યુદ્ધના કારણે પૂરા વિશ્વમાં અર્થતંત્રને માઠી અસર પહોંચી છે અને ઓઈલની કટોકટી પેદા થઈ છે ત્યાર ઈરાને યુદ્ધ રોકવા આકરી શરતો જાહેર કરી છે.

જેમાં અધિકારોની માન્યતા યુદ્ધ હજાર ગણુ વળતર આપવા, ફરી હુમલા ન થાય તેની આંતરરાષ્ટ્રીય ગેરંટીની માંગ કરાઈ છે. ઈરાન અને અમેરિકા-ઈઝરાયલ વચ્ચેના યુદ્ધને બે અઠવાડિયા જેટલો સમય થવા આવ્યો છે.

ત્યારે ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર સ્પષ્ટ કર્યું છે કે ઈરાન કયા સંજોગોમાં પાછળ હટશે. તેમણે જણાવ્યું કે જો આંતરરાષ્ટ્રીય સ્તરે ઈરાનની માંગણીઓ સંતોષવામાં આવે તો જ તેહરાન યુદ્ધ સમાપ્ત કરવા માટે તૈયાર છે.



રાષ્ટ્રપતિ પેઝેશ્કિયને જણાવ્યું કે તેમણે રશિયા અને પાકિસ્તાનના નેતાઓ સાથે પણ આ મુદ્દે વાતચીત કરી છે. તેમણે આ સંઘર્ષ માટે અમેરિકા અને ઈઝરાયલને જવાબદાર ઠેરવતા કહ્યું કે, ''ઝાયોનિસ્ટ શાસન અને અમેરિકાએ આ લડાઈ શરૂ કરી છે. અમે વિસ્તારમાં શાંતિ ઈચ્છીએ છીએ, પરંતુ તેના માટે જવાબદાર દેશોએ જવાબદેહી સ્વીકારવી પડશે.''

# ભારતીય ગેસના ટેન્કરોને હોર્મુઝમાંથી પસાર થવાની લીલીઝંડી આપતું ઈરાન

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ખાડીમાં ચાલી રહેલા યુદ્ધના સંદર્ભ વચ્ચે ભારતમાં સર્જાયેલી ક્રુડતેલ અને ગેસ કટોકટીમાં એક મહત્વપૂર્ણ રાહત મળી છે. અખાતમાંથી આવતા ક્રુડતેલ અને ગેસના ટેન્કરોને હોર્મુઝના જળમાર્ગમાંથી પસાર થવા સંબંધમાં જે દ્વીધા સર્જાઈ હતી તેમાં વિદેશમંત્રી એસ.જયશંકરે ઈરાનના વિદેશમંત્રી સૈય્યદ અબ્બાસ અરાગચી સાથે ટેલિફોન વાતચીત કર્યા બાદ હવે હોર્મુઝના જળમાર્ગમાંથી ભારતીય ઓઈલ અને ગેસ ટેન્કરોને પસાર થવા દેવા માટે ઈરાને મંજુરી આપી છે. આ મંજુરીના કલાકોમાં જ બે ભારતીય ટેન્કર પુષ્પક તથા પરિમલ




હોર્મુઝના જળમાર્ગથી સુરક્ષીત રીતે પસાર થઈને ભારત પહોંચવાની તૈયારીમાં છે. આમ એક તરફ દેશમાં ક્રુડતેલ અને ખાસ કરીને ગેસની જે સમસ્યા સર્જાઈ છે તેમાં હવે મોટી રાહત મળશે. ઈરાને અગાઉ અમેરિકા અને ઈઝરાયેલ સાથેના યુદ્ધમાં હોર્મુઝના જળમાર્ગથી કોઈપણ જહાજને પસાર થવા નહી દેવાય અને એક ટીપુ તેલ લઈને પણ કોઈ ટેન્કર પસાર નહી થઈ શકે તેવી ચેતવણી આપી હતી અને અહીથી પસાર થનાર જહાજો પર હુમલાની પણ ધમકી આપી હતી.

પરંતુ ભારતે શરુ કરેલા ડિપ્લોમેટીક પ્રયાસો સફળ થઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક ટવીટ કરીને આ માહિતી આપી હતી. ઈરાનના વિદેશમંત્રી સાથે એક કોલ અને ભારતને આ સાથે હોર્મુઝના જળમાર્ગથી તેના ઓઈલ ટેન્કરોને પસાર થવાની મંજુરી અપાઈ છે.

જેના કારણે હવે દેશમાં આગામી દિવસોમાં ક્રુડતેલ અને ગેસની કટોકટીમાં મોટી રાહત મળશે. ભારત આ ઉપરાંત અન્ય દેશો સાથે પણ સંપર્કમાં છે કે જેઓ ભારતને આ પ્રકારે યુદ્ધ વચ્ચે પણ મહત્વપૂર્ણ રીતે મદદ કરી શકે છે.

અગાઉ એસ.જયશંકરે રશિયા પાસેથી ક્રુડતેલ સપ્લાય નિયમિત રહે તે માટે રશિયાના વિદેશમંત્રી સાથે પણ વાતચીત કરી હતી અને રશિયાએ પણ ભારતને પુરતુ ક્રુડતેલ ફાળવવાની ખાતરી આપી છે.

# સમગ્ર દેશમાં રાજકોટનું તાપમાન ટોચ પર

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દેશના મોટાભાગના ક્ષેત્રોમાં માર્ચના પ્રથમ પખવાડિયામાં જ ભરઉનાળા જેવી ગરમી શરૂ થઇ ગઇ છે. ત્યારે સમગ્ર દેશમાં સૌથી 'ગરમ ક્ષેત્ર' ગુજરાત બન્યું હતું અને તેમાં પણ રાજકોટનું તાપમાન દેશભરનું સૌથી ઉંચું હતું.

ભારતીય હવામાન વિભાગના નેશનલ બુલેટીન પ્રમાણે બુધવારે રાજકોટનું મહતમ તાપમાન ૪૧.૯ ડીગ્રી હતું જે મંગળવારે ૪૨ ડીગ્રીને આંબી ગયું હતું. આ દિવસે દેશભરમાં સૌથી વધુ તાપમાન ધરાવતા શહેરોમાં રાજકોટ નંબર-૧ હતું. બુધવારે ગુજરાતનું વલ્લભ વિદ્યાનગર સૌથી ગરમ બન્યું હતું. બુધવારે ગુજરાતનું વલ્લભ વિદ્યાનગર સૌથી ગરમ બન્યું હતું જ્યાં મહત્તમ તાપમાન ૪૨.૩ ડીગ્રી નોંધાયું હતું.



હવામાન વિભાગના રીપોર્ટ મુજબ દેશમાં સૌથી વધુ તાપમાન ધરાવતા ૯૦ ટકા શહેરો ગુજરાતના હતા. રાજ્યના મધ્ય પ્રદેશ સીમાને જોડતા પૂર્વિય ભાગો સિવાયના ક્ષેત્રોમાં અત્યધિક ગરમી હતી.

સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના અનેક શહેરોમાં અત્યાધિક ગરમી હતી અને આ ક્ષેત્રે જ હીટવેવના કેન્દ્રોમાં રહ્યા હતા. રાજ્યમાં બુધવારે પણ ઉંચા તાપમાનનો કેર રહ્યો હતો અને મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન ૩૮ ડીગ્રીથી વધુ હતું. પશ્ચિમી રાજસ્થાન તથા પૂર્વીય મહારાષ્ટ્ર જેવા દેશના અન્ય કેટલાંક ક્ષેત્રોમાં પણ સમાન હાલત છે. ગુજરાતમાં બુધવારે સૌથી વધુ ૪૨.૩ ડીગ્રી તાપમાન વલ્લભ વિદ્યાનગરમાં નોંધાયું હતું. અમદાવાદમાં ૪૧.૪ ડીગ્રી હતું તે નોર્મલ કરતા ૭.૨ ડીગ્રી વધુ હતું. મહત્વની ગત એ છે કે ન્યુનત્તમ તાપમાન પણ નોર્મલ કરતા ૪.૬ ડીગ્રી વધુ હતી.

રાજકોટ તથા અમદાવાદમાં તાપમાન નોર્મલ કરતા સાત ડીગ્રી ઉંચા રહેતા સિનિયર રીટવેવની હાલત હતી. ઉનાળાના પ્રારંભિક દિવસોમાં અત્યધિક ઉંચુ તાપમાન અસામાન્ય છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાંથી નેશનલ હાઈવે પર રૂ.૨૦,૩૮૩ કરોડનો ટોલ વસૂલવામાં આવ્યો

### રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીને રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે મંત્રીનો જવાબ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

કેન્દ્ર સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાંથી પસાર થતા નેશનલ હાઈવે પરથી રૂ. ૨૦,૩૮૩ કરોડનો ટોલ વસૂલ્યો છે. કેન્દ્ર સરકારે આ પાંચ વર્ષ દરમિયાન ગુજરાતના નેશનલ હાઈવેના વિકાસ અને જાળવણી માટે રૂ. ૪૭,૨૩૬ કરોડની ફાળવણી પણ કરી છે. રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ ઉઠાવેલા પ્રશ્નના જવાબમાં કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવે મંત્રી નીતિન ગડકરીએ ૧૧ માર્ચ, ૨૦૨૬ના રોજ રાજ્યસભામાં આ માહિતી આપી હતી.

નથવાણીએ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ગુજરાતમાંથી પસાર થતા નેશનલ હાઈવે પર વસૂલવામાં આવેલા ટોલ અને તે જ સમયગાળા દરમિયાન રાજ્યમાં નેશનલ હાઈવેના બાંધકામ અને જાળવણી માટે રાજ્યને ફાળવાયેલા ભંડોળની વિગતો માંગી હતી. વધુમાં, તેમણે ગુજરાતના હાઈવે પ્રોજેક્ટ્સ, ખાસ કરીને મુંબઈ-અમદાવાદ, સુરત-દહીંસર અને અમદાવાદ-રાજકોટ-જેતપુર રૂટ પર હાલ ચાલી રહેલું કામ ક્યારે પૂર્ણ થશે તેની સમયમર્યાદા વિશે પણ પૃચ્છા કરી હતી. આ ઉપરાંત, નથવાણી ભરૂચ-સુરત અને અમદાવાદ-હિંમતનગર હાઈવે સહિત ગુજરાતના મુખ્ય હાઈવે રૂટ પર પડેલા અસંખ્ય ખાડા અને રોડની તૂટી ગયેલી સપાટીના સંદર્ભમાં સરકારે લીધેલાં પગલાં વિશે પણ જાણવા માંગતા હતા.

NH-48ના વાપી-સુરત અને સુરત-ભરૂચના સ્ટ્રેચ વિશે માહિતી આપતા, મંત્રીએ જણાવ્યું હતું કે, સિક્સ-લેનિંગ કાર્ય પૂર્ણ થયા બાદ તે બધા રોડ હાલ પર્ફોર્મન્સ બેઝ્ડ રોડ મેન્ટેનન્સ કોન્ટ્રાક્ટ મોડ પર જાળવણી હેઠળ છે. ૧૬ પુલ અને ફ્લાયઓવર/વાહન અંડરપાસના બાંધકામનું કામ પ્રગતિ હેઠળ છે, જે જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે.

મંત્રીના લેખિત જવાબમાં માહિતી અપાઈ હતી કે, NH-48ના ભરૂચ-વડોદરા સ્ટ્રેચનું સિક્સ-લેનિંગ કામ વર્ષ ૨૦૧૧માં પૂર્ણ થઈ ગયું છે અને હાલમાં તે PBMC મોડ પર જાળવણી હેઠળ છે. અહીં ૦૭ પુલ અને ફ્લાયઓવર/વાહન અંડરપાસના બાંધકામનું કામ પ્રગતિ હેઠળ છે, જે ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. જ્યારે, વડોદરા-અમદાવાદ વચ્ચેના સિક્સ-લેનિંગ કામ પહેલાથી જ પૂર્ણ થઈ ગયું છે અને તે BOT હેઠળ છે. શામળાજી-મોટા ચિલોડા વચ્ચેના સિક્સ-લેનિંગનું બાકી રહેલું કામ જૂન ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું તેમનું લક્ષ્ય છે, એમ જણાવવામાં આવ્યું હતું.

ગડકરીએ એ પણ માહિતી આપી હતી કે NH-27ના રાજકોટ-જેતપુર સેક્શનનું સિક્સ-લેનિંગ કામ પ્રગતિ હેઠળ છે અને જાન્યુઆરી ૨૦૨૭ સુધીમાં

ટોલ વસૂલાત અને ફાળવણી (રૂ. કરોડમાં):

| નાણાકીય વર્ષ | ગુજરાતના નેશનલ હાઈવે પરથી ટોલ કલેક્શન | ગુજરાતના નેશનલ હાઈવેના વિકાસ અને જાળવણી માટે કરાયેલી ફાળવણી |
|---|---|---|
| 2020-21 | 3178.58 | 7533 |
| 2021-22 | 3744.36 | 10710 |
| 2022-23 | 4090.04 | 9831 |
| 2023-24 | 4394.82 | 10900 |
| 2024-25 | 4975.20 | 8262 |

પૂર્ણ કરવાનું લક્ષ્ય છે. હાલ રાજકોટ-અમદાવાદ પ્રોજેક્ટ ગુજરાત સરકારના અધિકારક્ષેત્ર હેઠળ છે અને તેમના પોતાના બજેટ સંસાધનો દ્વારા આ કામ કરવામાં આવી રહ્યું છે.

તદુપરાંત ,દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવેનું કામ પણ અમલીકરણ હેઠળ છે જે માર્ચ-૨૦૨૮ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, તેવી માહિતી આપવામાં આવી હતી.

# મોરબીમાં પારિવારિક ઝઘડામાં સસરા અને પુત્રવધુએ સામસામી ફરિયાદ નોંધાવી

### રસોઈની તપેલીથી હુમલો કર્યાનો સસરાનો આક્ષેપ, જ્યારે પુત્રવધુએ પતિ, સસરા અને દિયરે માર માર્યાની ફરિયાદ નોંધાવી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના દલવાડી સર્કલ નજીક રોલા રાતડીયા વાડી વિસ્તારમાં પરિવારિક ઝઘડો ઉગ્ર બનતા સસરા અને પુત્રવધુએ એકબીજા સામે ફરિયાદ નોંધાવી છે. સસરાએ પુત્રવધુએ તપેલીથી માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો આક્ષેપ કર્યો છે, જ્યારે પુત્રવધુએ પતિ, સસરા અને દિયરે મળીને લોખંડના હથોડા તથા લાકડાથી હુમલો કરી ઈજા પહોંચાડ્યાનો આરોપ લગાવ્યો છે. હાલ સીટી એ ડિવિઝન પોલીસે બંને તરફથી ફરિયાદ લઈને ચારેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની તપાસ શરૂ કરી છે.

પ્રથમ ફરિયાદ અંગે મળતી માહિતી મુજબ, દેવકરણભાઈ નારણભાઈ ડાભી ઉવ.૬૦ રહે. દલવાડી સર્કલ નજીક રોલા રાતળિયાની વાડી મોરબી વાળાએ મોરબી સિવિલ હોસ્પિટલમાંથી સીટી એ ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે તેમના મોટા દીકરા દિલીપભાઈ અને તેમની પત્ની મનીષાબેન વચ્ચે છેલ્લા છ વર્ષથી અવારનવાર ઝઘડા થતા રહે છે. ગઈકાલે પણ પતિ-પત્ની વચ્ચે ઝઘડો થતા પુત્રવધુ મનીષાબેનએ ખાર રાખીને તમે જ તમારા દીકરાને બગાડો છો કહી ગાળો બોલી રસોઈ બનાવવાની તપેલી વડે તેમના હાથ અને વાસામાં માર માર્યો હતો તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ બનાવમાં સસરાની ફરિયાદના આધારે પોલીસે મહિલા આરોપી મનીષાબેન સામે ભારતીય ન્યાય સંહિતા કલમ ૧૧૫(૨), ૩૫૧(૨), ૩૫૧(૩) અને ૩૫૨ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે સામાં પક્ષે ફરિયાદી મનીષાબેન દિલીપભાઈ ડાભી ઉવ.૩૦એ પણ પોલીસ ફરિયાદમાં પોતાના પતિ દિલીપભાઈ દેવકરણભાઈ ડાભી, દેવકરણભાઈ નારણભાઈ ડાભી અને જગદીશભાઈ દેવકરણભાઈ ડાભી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, છેલ્લા છ વર્ષથી તેમના ચરિત્ર અંગે શક-વહેમ રાખી પરિવારના સભ્યો વારંવાર ઝઘડો કરતા હોય છે, ત્યારે ગઈકાલે તા. ૧૧ માર્ચે બપોરના સમયે તેઓ લાતી પ્લોટમાંથી ઘરના બારણા લઈને ઘરે આવી રહી હતી ત્યારે સસરા દેવકરણભાઈ ગાળો બોલવા લાગ્યા અને પતિને બારણા તોડી નાખ અને પત્નીને ઘર બહાર કાઢી નાખ તેમ કહી ઉશ્કેર્યા હતા. ત્યારબાદ તેમના પતિ દિલીપભાઈએ લોખંડના હથોડાથી હુમલો કર્યો જેમાં તેમના ડાબા પગે ઈજા પહોંચી હતી. તેમજ દિયર જગદીશભાઈએ તેમના માથાના વાળ ખેંચી ઘરની બહાર કાઢી મૂક્યા હતા. ઈજાગ્રસ્ત હાલતમાં તેઓ સારવાર માટે મોરબી સિવિલ હોસ્પિટલમાં દાખલ થયા છે.

હાલ સીટી એ ડિવિઝન પોલીસે બંને પક્ષની ફરિયાદને આધારે એક જ પરિવારના મહિલા સહિત ચારેય આરોપીઓ સામે ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# જામનગર જિલ્લામાં પેટ્રોલ-ડીઝલનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ નાગરિકોને અફવાઓથી દૂર રહેવા જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરની અપીલ





### જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પેટ્રોલિયમ કંપનીઓ અને ડીલરો સાથે બેઠક યોજી સ્થિતિની સમીક્ષા કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલની અછત અંગે વહેતા થયેલા સમાચારો બાબતે જિલ્લા કલેક્ટર કેતન ઠકરે મહત્વની સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, સમગ્ર જિલ્લાના તમામ પેટ્રોલ પંપ પર પૂરતા પ્રમાણમાં પેટ્રોલ અને ડીઝલનો જથ્થો ઉપલબ્ધ છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ બાબતે જિલ્લાના પેટ્રોલિયમ પેદાશના ડીલરો, પેટ્રોલ પંપના માલિકો તેમજ પેટ્રોલિયમ કંપનીઓ સાથે ખાસ બેઠક યોજી વિગતવાર ચર્ચા વિચારણા કરવામાં આવી છે.ની સ્થિતિએ જામનગર જિલ્લાના તમામ પેટ્રોલ પંપ પર ઇંધણનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ છે, તેથી નાગરિકોએ કોઈપણ પ્રકારની અફવાઓથી પ્રેરાવું નહીં તેમજ કોઈપણ પ્રકારની પેનિક સિચ્યુએશનમાં ન આવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નમ્ર અપીલ કરવામાં આવે છે.વિશેષમાં, અમુક પેટ્રોલ પંપ પર સ્થાનિક પરિસ્થિતિને કારણે હાલ ઇંધણનો જથ્થો ઉપલબ્ધ નથી ત્યાં પેટ્રોલ-ડીઝલના જથ્થાની તાત્કાલિક આપૂર્તિ કરવા માટે પણ તમામ પેટ્રોલિયમ કંપનીઓને તંત્ર દ્વારા કડક સૂચના આપવામાં આવી છે. આ સાથે જ સોશિયલ મીડિયા કે અન્ય માધ્યમો દ્વારા આ પ્રકારની પાયાવિહોણી અફવા ફેલાવનાર શખ્સો સામે કડક કાયદાકીય પગલાં લેવા માટે પોલીસ તંત્રને પણ જરૂરી આદેશો આપવામાં આવ્યા છે.

# મોરબી મનપાની ફાયર શાખાએ ૧૦૫ સરકારી કર્મચારીઓને ફાયર પ્રિવેન્શનની ટ્રેનિંગ આપી

### સરકારી કચેરીઓમાં તાલીમ, કોમ્પ્લેક્ષ અને સમાજવાડીઓમાં ફાયર સેફ્ટી ચેકિંગ, નવા ફાયર વાહનો માટે રૂ. ૧૨ કરોડથી વધુનો વર્ક ઓર્ડર












**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખાએ આગ જેવી દુર્ઘટનાઓ સામે સજાગતા વધારવા માટે ત્રણ સરકારી કચેરીઓમાં ૧૦૫ કર્મચારીઓને ફાયર પ્રિવેન્શન અંગે તાલીમ આપી હતી. સાથે શહેરની કોમ્પ્લેક્ષ, સમાજવાડી અને ઉદ્યોગ એકમોમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટની ચકાસણી હાથ ધરવામાં આવી અને એનઓસી ન ધરાવતા બિલ્ડીંગોને નોટિસ આપવામાં આવી હતી. આ સાથે શહેર અને જીલ્લામાં બનેલા રેસ્ક્યુ અને આગના બનાવોમાં પણ ફાયર ટીમે આધુનિક સાધનો સાથે તાત્કાલિક કામગીરી કરી હતી.

મોરબી મહાનગરપાલિકાની અગ્નિશમન શાખા દ્વારા આગ જેવી દુર્ઘટનાઓને અટકાવવા અને નાગરિકોમાં સેફ્ટી અંગે જાગૃતિ વધારવા માટે વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે ત્રણ સરકારી કચેરીઓમાં કુલ ૧૦૫ કર્મચારીઓને ફાયર પ્રિવેન્શન અંગે ખાસ તાલીમ આપવામાં આવી હતી. તાલીમ દરમિયાન આગ લાગતી વખતે લેવાય તેવા પ્રાથમિક પગલાં, ફાયર એક્સ્ટિંગ્વિશર સહિતના સાધનોનો યોગ્ય ઉપયોગ તેમજ ઈમરજન્સી સમયે કરવાના પગલાં અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તે ઉપરાંત પ્રિવેન્શનના ભાગરૂપે શહેરની સમાજવાડી, કોમ્પ્લેક્ષ અને ઇન્ડસ્ટ્રીઝ જેવી ઈમારતોમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ફાયર એનઓસી ન ધરાવતા બિલ્ડીંગોને નોટિસ પાઠવી જરૂરી સૂચનો અને ગાઈડલાઈન આપવામાં આવી છે. અગાઉ આપવામાં આવેલી નોટિસના અનુસંધાનમાં અત્યાર સુધી ૧૯૦ કોમ્પ્લેક્ષ અને ૩૮ સમાજવાડીઓમાં ફાયર સેફ્ટી સિસ્ટમ લગાવવાની કામગીરી હાથ ધરાઈ છે અથવા પૂર્ણ કરવામાં આવી છે. તેમજ આ સમયગાળા દરમિયાન ફાયર સેફ્ટી અપ્રુવલ માટે બે અરજીઓ મળતા તેને આર.એફ.ઓ. કચેરીમાં મોકલવામાં આવી છે.

આ સમય દરમિયાન મોરબી શહેર અને જીલ્લામાં ત્રણ રેસ્ક્યુ કોલ તેમજ બે આગ લાગવાના બનાવોમાં ફાયર વિભાગે તાત્કાલિક કામગીરી કરી હતી. ફાયરના જવાનો દ્વારા સંપૂર્ણ પર્સનલ પ્રોટેક્ટિવ ઇક્વિપમેન્ટ તથા આધુનિક સાધનો સાથે અસરકારક રીતે કામગીરી કરવામાં આવી હતી. આ સિવાય ફાયર વિભાગ પાસે હાલમાં મિનિ ફાયર ટેન્ડર, ૧૨ કેએલ વોટર બાઉઝર, ટર્ન ટેબલ લેડર, ફાયર બુલેટ અને ફાયબર બોટ સહિત કુલ ૧૦ જેટલા ફાયર વાહનો અને સાધનો કાર્યરત છે. ઉપરાંત શહેરમાં વધુ સક્ષમ સેવા પૂરી પાડવા માટે અંદાજિત રૂ. ૧૨ કરોડથી વધુના ખર્ચે સાત નવા ફાયર વાહનો માટે વર્ક ઓર્ડર આપવામાં આવ્યો છે, જે જાન્યુઆરી ૨૦૨૬થી જૂન ૨૦૨૬ દરમિયાન તબક્કાવાર ઉપલબ્ધ થવાના છે. મોરબી મહાનગરપાલિકા અગ્નિશમન સેવાઓનો મુખ્ય ઉદ્દેશ શહેર તેમજ અંતરિયાળ વિસ્તારોમાં આગ અથવા અન્ય કોઈ ઇમરજન્સી સમયે પ્રતિસાદ સમય ઘટાડીને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાનો છે. આગ કે અન્ય દુર્ઘટના સમયે નાગરિકો મોરબી ફાયર અને ઈમરજન્સી સર્વિસના ફોન નં. (૦૨૮૨૨) ૨૩૦૦૫૦ તેમજ ૧૦૧ અથવા ૧૧૨ પર સંપર્ક કરવા યાદીમાં જણાવ્યું છે.

# જામનગરની ૯ વર્ષની આરૂષીએ અસાધ્ય બીમારીને હરાવી બનાવ્યો વર્લ્ડ રેકોર્ડ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં રહેતી માત્ર ૯ વર્ષની આરૂષી આજે અનેક બાળકો માટે પ્રેરણારૂપ બની છે. જામનગરની પીએમ કેન્દ્રીય વિદ્યાલય વાલસુરામાં અભ્યાસ કરતી આરૂષી ખૂબ જ પ્રતિભાશાળી વિદ્યાર્થીની છે. જીવનમાં અનેક પડકારો સામે આવ્યા છતાં તેણે ક્યારેય હિંમત હારી નથી.માત્ર ચાર વર્ષની ઉંમરે તેણીને ગિલાન.બારે-સિન્ડ્રોમ નામની ગંભીર બીમારી થઈ હતી. આ બીમારીના કારણે શરીરના અમુક ભાગોમાં સંવેદના ગુમાવી હતી અને બેસવા અને ઉભા રહેવામાં પણ મુશ્કેલી પડતી હતી. તરત જ હોસ્પિટલમાં સારવાર શરૂ કરવામાં આવી અને લાંબા સમય સુધી દવાઓ, ફિઝિયોથેરાપી અને પરિવારના સતત સહયોગથી આરૂષી ધીમે ધીમે સ્વસ્થ બની.સ્વસ્થ થયા પછી માતા-પિતાએ આરૂષીની પ્રતિભાને ઓળખી તેને ભરતનાટ્યમ શીખવવાનું શરૂ કરાવ્યું. વર્ષ ૨૦૨૧માં તેણે નૃત્યની તાલીમ શરૂ કરી. શારીરિક મુશ્કેલીઓ હોવા છતાં અદભૂત આત્મવિશ્વાસ અને મહેનતના બળે પ્રગતિ કરી. શાળા તથા વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈને તેણે અનેક મેડલ, પ્રમાણપત્રો અને એવોર્ડ પણ મેળવ્યા.આરૂષી માત્ર નૃત્યમાં જ નહીં પરંતુ વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રીતે ભાગ લે છે.ગુજરાત કલા મહાકુંભ જેવી સ્પર્ધાઓમાં પણ ભાગ લઈને પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે. ગોલ્ડન કટાર આર્મી પ્રી-પ્રાઈમરી સ્કૂલમાં અનેક મેડલ, પુરસ્કારો અને શિલ્ડ પ્રાપ્ત કર્યા છે. તેના શિક્ષકો અને પરિવારજનોએ હંમેશા તેને પ્રોત્સાહન આપ્યું છે.આરૂષીની સિદ્ધિનું સૌથી મોટું પળ ત્યારે આવ્યું જ્યારે તેણે વર્લ્ડ રેકોર્ડ ઈન્ડિયામાં નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યો. માત્ર ૩૦ સેકન્ડમાં તેણે નવરસના વિવિધ ભાવ શૃંગાર પ્રેમ.હાસ્ય વિનોદ, કરુણ દયા.દુઃખ, રૌદ્ર ક્રોધ, વીર ઉત્સાહ.પૌરુષ. ભયાનક ડર, બીભત્સ અણગમો. અદ્ભુત આશ્ચર્ય.અને શાંત.વૈરાગ્ય.શાંતિ અભિવ્યક્ત કરીને અનોખો રેકોર્ડ નોંધાવ્યો. આ સિદ્ધિએ તેના પરિવાર, શિક્ષકો અને સમગ્ર સમાજને ગર્વનો અનુભવ કરાવ્યો.

માત્ર ૯ વર્ષની બાળકીની આ સફર સાબિત કરે છે કે સંકલ્પ, મહેનત અને આત્મવિશ્વાસ હોય તો કોઈપણ મુશ્કેલી આપણને અટકાવી શકતી નથી. આજના સમયમાં આરૂષી જેવી પ્રતિભાઓ સમાજ માટે પ્રેરણાનું ઉત્તમ ઉદાહરણ બની રહી છે. જે જામનગર માટે ગર્વની વાત છે.ઉલ્લેખનીય છે કે,તાજેતરમાં જ મહિલા દિવસની ઉજવણી નિમિત્તે કલેકટર કેતન ઠક્કરના માર્ગદર્શન હેઠળ જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું.જેમાં આરુષીએ પોતાની નૃત્યકળાથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. ભરતનાટ્યમ એ તમિલનાડુમાં ઉદ્ભવેલી ભારતની સૌથી પ્રાચીન અને મુખ્ય શાસ્ત્રીય નૃત્ય શૈલી છે. ભરત શબ્દ નાટ્યશાસ્ત્રના રચયિતા ભરત-મુનિનો નિર્દેશ કરવા ઉપરાંત તેમાં યોજાયેલા ત્રણ અક્ષરો ભ, ર અને ત નૃત્યનાં ત્રણ મૂળભૂત તત્ત્વો જેવા કે ભાવ, રાગ અને તાલના મહત્વને સમજાવે છે. જે હસ્તમુદ્રાઓ, અભિનય અને ચોક્કસ પગલાંઓ દ્વારા આધ્યાત્મિક કથાઓ રજૂ કરે છે. પ્રાચીન મંદિરના શિલ્પોમાંથી પ્રેરિત આ નૃત્યમાં શારીરિક અને માનસિક શક્તિનું સુંદર પ્રદર્શન જોવા મળે છે.

ભરતનાટ્યમમાં નવરસ.નવ લાગણીઓ.એ કલાકારના ચહેરાના હાવભાવ અને અભિનય દ્વારા દર્શાવવામાં આવતી મુખ્ય ભાવનાઓ છે. તે મુખ્યત્વે શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદભૂત અને શાંત રસોનો સમાવેશ કરે છે, જે પદમ્ અને જાવળી જેવી કૃતિઓમાં વ્યક્ત થાય છે. શૃંગાર પ્રેમ અને સૌંદર્યનો. હાસ્ય આનંદ અને રમૂજનો ભાવ.કરુણ દુઃખ કે કરુણાનો.ભાવ.રૌદ્ર ક્રોધનોભાવ.

# જોડિયા તાલુકાના બાલંભા ગામે કલેક્ટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં જલ અર્પણ દિવસની ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, જળ એ જ જીવન છેના સંદેશને સાર્થક બનાવવાના હેતુથી જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના બાલંભા ગામે જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરની અધ્યક્ષતામાં જલ અર્પણ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.કાર્યક્રમની શરૂઆત ગામની શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જનજાગૃતિ રેલીથી કરવામાં આવી હતી. બાળકોએ પ્લેકાર્ડ્સ અને સૂત્રોચ્ચાર સાથે પાણી બચાવવાનો સંદેશ આપ્યો હતો.રેલી દરમિયાન પાણી બચાવો જીવન બચાવો જેવા સૂત્રો સાથે ગ્રામજનોમાં જળ સંરક્ષણ અંગે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. ત્યારબાદ ગામના જળસ્ત્રોતો પાસે ગ્રામજનોએ પરંપરાગત રીતે નાડા-



છડી બાંધી જળ પૂજન કર્યું હતું.

આ પ્રસંગે ગ્રામજનોએ જળ સ્ત્રોતોની યોગ્ય સંભાળ અને જાળવણી રાખવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.જિલ્લા કલેક્ટરએ પ્રાસંગિક ઉદ્બોધન આપતા જણાવ્યું હતું કે, પાણીનો સંયમપૂર્વક ઉપયોગ આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે. તેમણે ગ્રામજનોને પાણી બચાવવા અને જળ સંરક્ષણ માટે સક્રિય સહભાગી બનવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે કલેક્ટરના હસ્તે ગ્રામ જલ સ્વચ્છતા સમિતિને જલ કલશ અને પ્રશસ્તિ પત્ર એનાયત કરવામાં આવ્યા હતા. તેમજ પાણીના વિતરણ અને વ્યવસ્થાપન માટે જરૂરી સાધનોની વિશેષ કિટ પણ સમિતિને સોંપવામાં આવી હતી.કાર્યક્રમના અંતે ગ્રામજનો, વિદ્યાર્થીઓ.અધિકારીઓ વગેરેએ સામૂહિક રીતે જલ શપથ લીધા હતા કે તેઓ પાણીનો બગાડ અટકાવશે અને જળ સંપત્તિનું જતન કરશે.

# મોરબીના સત્ય-બી એપાર્ટમેન્ટમાં વૃદ્ધાને આપઘાત મરવા મજબુર કરનાર ૮ સામે ફરિયાદ

### સ્યુસાઇડ નોટના આધારે એક મહિલા સહિત ૮ આરોપીઓ સામે ગુનો દાખલ, શારીરિક-માનસિક ત્રાસ આપ્યાનો સ્યુસાઇડ નોટમાં ઉલ્લેખ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના કંડલા બાયપાસ નજીક આવેલા સત્ય-બી એપાર્ટમેન્ટમાં પરિવાર સાથે રહેતા વૃદ્ધાએ શારીરિક અને માનસિક ત્રાસથી કંટાળી આપઘાત કરી લીધાની ઘટના સામે આવી છે. વૃદ્ધાએ આપઘાત પહેલા લખેલી સ્યુસાઇડ નોટમાં એપાર્ટમેન્ટમાં રહેતા કેટલાક લોકોના નામ લખી ત્રાસ આપ્યાનો ઉલ્લેખ કર્યો હતો. આ નોટના આધારે પોલીસે એક મહિલા સહિત કુલ ૮ લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ, ફરિયાદી નરેન્દ્રભાઈ છબાનભાઈ પાચોટિયા ઉવ.૪૪ હાલ કંડલા બાયપાસ રોડ સત્ય-બી એપાર્ટમેન્ટ મૂળ નવા સાદુળકા ગામના વતનીએ સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં આ જ એપાર્ટમેન્ટમાં રહેતા આરોપીઓ (૧)મનોજભાઈ રમણીકભાઈ આદ્રોજા, (૨)વિશાલભાઈ અમરશીભાઈ ઘોડાસરા, (૩)નિલેશભાઈ પ્રભુભાઈ બારૈયા, (૪)ભાવીકભાઇ કારૂભાઈ વિરમગામા, (૫)કેવલ કારૂભાઈ વિરમગામા, (૬)રમણીકભાઇ ઉર્ફે ધામી આદ્રોજા, (૭)નાનજી જીવાણી તથા (૮)વિલાસબેન સવસાણી તમામ રહે. કંડલા બાયપાસ ડીવાઇન પાર્ક સત્ય-બી એપાર્ટમેન્ટ મોરબી વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, તેઓ પરિવાર સાથે સત્ય-બી એપાર્ટમેન્ટમાં રહે છે. તેમની માતા સવિતાબેન પણ તેમના સાથે જ રહેતા હતા. ગત તા. ૫ માર્ચ ૨૦૨૬ના રોજ વહેલી સવારે લગભગ છ વાગ્યાના આસપાસ સવિતાબેને એપાર્ટમેન્ટના ધાબાની રૂમમાં જતી સીડીઓ પાસે દોરી અને ચૂંદડી વડે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટના બાદ પરિવારજનોને વૃદ્ધાના હાથેથી લખાયેલી સ્યુસાઇડ નોટ મળી આવી હતી. તેમાં એપાર્ટમેન્ટમાં રહેતા ઉપરોક્ત લોકો દ્વારા વારંવાર ગાળો આપી, ધમકી આપી અને અપમાનિત કરવામાં આવતાં હોવાનો ઉલ્લેખ કર્યો હતો. ફરિયાદ મુજબ અગાઉ એપાર્ટમેન્ટમાં પાર્કિંગ બાબતે થયેલા ઝઘડાને લઈને પણ ફરિયાદી અને તેમના પરિવારજનોને માર માર્યાનો અને આ બાબતે અગાઉ પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હોવાને કારણે આરોપીઓ ખાર રાખી ફરિયાદી પરિવારને હેરાન કરતા રહેતા હતા અને ફરિયાદીની ગેરહાજરીમાં તેમની માતાને ધમકાવતા હતા. સ્યુસાઇડ નોટમાં વૃદ્ધાએ પરિવારજનોને જણાવ્યું હતું કે તેઓ આ લોકોના ત્રાસથી કંટાળી ગયા છે અને હવે તેમની સાથે રહેવું મુશ્કેલ બની ગયું છે. હાલ પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદ-ધ્રાંગધ્રા ચાર રસ્તા નજીક બોલેરોની ટક્કરે બાઈક સવારનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ-ધ્રાંગધ્રા હાઈવે પર ચાર રસ્તા નજીક બોલેરો પીકઅપ અને મોટર સાયકલ વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક પર પાછળ બેસેલા યુવકનું સારવાર દરમિયાન મોત થયું હતું, જ્યારે અન્ય બે વ્યક્તિને ઈજા પહોંચી હતી. બનાવ અંગે હળવદ પોલીસે બોલેરોના ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, હળવદમાં જોગણી માતાજીના મંદિર પાસે હળવદ-ધ્રાંગધ્રા હાઈવે ચાર રસ્તા પર અકસ્માતની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ તા. ૪ માર્ચના રોજ બપોરે બોલેરો પીકઅપ રજી.નં. જીજે-૧૨-બિઝડ-૨૨૬૪ના ચાલકે બેફામ અને બેદરકારીપૂર્વક વાહન હંકારતા મોટર સાયકલ રજી.નં. જીજે-૦૩-બીકે-૮૫૦૪ને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બાઈકની પાછળ બેઠેલા હમીરભાઈને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. ઉપરાંત બોલેરોમાં બેસેલા અન્ય એકને પણ ઈજા પહોંચી હતી. આ બનાવ અંગે મોટર સાયકલ ચાલક ઈદ્રીશભાઈ રસુલભાઈ માણેક રહે. હળવદ જી.આઈ.ડી.સી. વાળાએ હળવદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી બોલેરો ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ૧૯ વર્ષથી ફરાર કાલાવડના ડબલ મર્ડર-લૂંટનો આરોપી ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ એ ૧૯ વર્ષથી ફરાર ડબલ મર્ડર અને લૂંટના આરોપીને હરિયાણાના ગુરુગ્રામથી ઝડપી પાડ્યો છે. કાલાવડ તાલુકાના મોટા વડાળા ગામની સીમમાં૨૦૦૭માં આ ગુનો બન્યો હતો.ઘટના ૧૪ જાન્યુઆરી, ૨૦૦૭ના રોજ બની હતી. મોટા વડાળા ગામના ધનજીભાઈ નંદાણીયાએ ફરિયાદ નોંધાવી હતી કે તેમના ભત્રીજા ભીખાભાઈ ગોરધનભાઈ અને વિઠ્ઠલભાઈ ગોવિંદભાઈ નંદાણીયા પોતાનું જેસીબી લઈને પાતા મેઘપર ગયા હતા.ત્યાં જેસીબી ઓપરેટર તરીકે કામ કરતા હરિયાણાના ઈરશાદ દિનમહમદ મેવ અને જમસેદ દિનમહમદ મેવ નામના બે ભાઈઓ સાથે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી. આ ઝઘડામાં બંને આરોપીઓએ ભીખાભાઈ અને વિઠ્ઠલભાઈની હત્યા કરી હતી.હત્યા બાદ પુરાવાનો નાશ કરવા માટે આરોપીઓએ જેસીબીનો ઉપયોગ કરીને ખાડો ખોદી બંને મૃતદેહોને જમીનમાં દાટી દીધા હતા. ત્યારબાદ તેઓ જેસીબીની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા.આ ગુનામાં એક આરોપી ઈરશાદ મેવ ૨૦૦૭માં જ પકડાઈ ગયો હતો, પરંતુ બીજો આરોપી જમસેદ દિનમહમદ મેવ ઉંમર ૫૨ છેલ્લા ૧૯ વર્ષથી પોલીસને થાપ આપી ફરાર હતો. તે સતત પોતાના રહેઠાણ અને ઓળખ બદલીને ધરપકડ ટાળી રહ્યો હતો.જામનગર LCBની ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સીસની મદદથી ચોક્કસ બાતમી મેળવી હતી કે આરોપી હરિયાણામાં છુપાયેલો છે. PSI એમ.વી.




ભાટીયા, ASI નાનજીભાઈ પટેલ, યુવરાજસિંહ ઝાલા, રૂષિરાજસિંહ વાળા અને ધર્મેન્દ્રસિંહ જાડેજાની ટીમે હરિયાણાના ગુરુગ્રામ ખાતે ધામા નાખ્યા હતા. ગુરુગ્રામના કલીચોક ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ રોડ પરથી આરોપી જમસેદને દબોચી લેવામાં આવ્યો હતો.હાલ આરોપીને વધુ કાયદેસરની કાર્યવાહી માટે કાલાવડ ટાઉન પોલીસને સોંપવામાં આવ્યો છે. આ સફળ કામગીરી PI વી.એમ. લગારીયાના માર્ગદર્શન હેઠળ PSI સી.એમ. કાંટેલીયા, PSI એમ.વી. ભાટીયા તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ સહિતના કર્મચારીઓ દ્વારા કરવામાં આવી હતી.

# ગેર-ભાડા આવકમાં રાજકોટ ડિવિઝનનો દબદબો: વરિષ્ઠ ડિવિઝનલ વાણિજ્ય પ્રબંધક સહિત ચાર રેલવે અધિકારી-કર્મચારીઓ સન્માનિત

**નવતર પહેલોથી રાજકોટ ડિવિઝને મેળવ્યા ૪.૦૧ કરોડ; પશ્ચિમ રેલવે સતત બીજા વર્ષે ભારતીય રેલવેમાં પ્રથમ સ્થાને**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ પશ્ચિમ રેલવે દ્વારા ગેર-ભાડા આવક ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિ પ્રાપ્ત કરતાં સતત બીજા વર્ષે સમગ્ર ભારતીય રેલવેમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ ગૌરવપૂર્ણ સફળતા માટે મહત્વપૂર્ણ યોગદાન આપનાર પશ્ચિમ રેલવેના વિવિધ ડિવિઝનના અધિકારીઓ અને કર્મચારીઓને ચર્ચગેટ સ્થિત મુખ્યાલય ખાતે આયોજિત વિશેષ સમારંભમાં પ્રિન્સિપલ ચીફ કોમર્શિયલ મેનેજર તરુણ જૈન દ્વારા સન્માનિત કરવામાં આવ્યા.

આ સિદ્ધિના સંદર્ભમાં રાજકોટ ડિવિઝનના વરિષ્ઠ ડિવિઝનલ વાણિજ્ય પ્રબંધક સુનીલ કુમાર મીના ના કુશળ નેતૃત્વ તેમજ વાણિજ્ય વિભાગની ટીમ દ્વારા કરવામાં આવેલા ઉત્તમ કાર્યની પ્રશંસા કરવામાં આવી. આ અવસર પર રાજકોટ ડિવિઝનના ચાર અધિકારીઓ અને કર્મચારીઓને તેમના નોંધપાત્ર યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા. સમારંભ દરમિયાન મુખ્ય વાણિજ્ય પ્રબંધક (યાત્રી સેવાઓ) સ્વપિનલ વાલિંગકર સહિત મુખ્યાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા.

રાજકોટ ડિવિઝનની ઉપલબ્ધિઓ : ઉલ્લેખનીય છે કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન રાજકોટ ડિવિઝને વિવિધ નવતર પહેલોના માધ્યમથી ૪.૦૧ કરોડની ગેર-ભાડા આવક પ્રાપ્ત કરી. આ વર્ષે પ્રથમ વખત ડિવિઝન દ્વારા કૃત્રિમ બુદ્ધિમત્તા આધારિત એકીકૃત જાહેર જાહેરાત પ્રણાલી, એલઈડી ટીવી મારફતે જાહેરાતો સાથે ટ્રેન સંબંધિત માહિતીનું પ્રદર્શન, વેગન સફાઈ સેવા, ગેમ ઝોન, સ્ટેશન વિસ્તારની બહાર પાર્કિંગ સુવિધા, ગુડ્સ શેડમાં કેન્ટીન, પૂજા સામગ્રી કિયોસ્ક તેમજ સ્ટેશન અને સર્ક્યુલેટિંગ વિસ્તારમાં હોર્ડિંગ્સ અને ફ્લેક્સ બોર્ડ માટે કરારો આપવામાં આવ્યા.

સન્માનિત થયેલા રાજકોટ ડિવિઝનના રેલવે અધિકારી-કર્મચારીઓ

વાણિજ્ય વિભાગમાં ઉત્તમ કાર્ય માટે સન્માનિત થયેલા રાજકોટ ડિવિઝનના અધિકારી-કર્મચારીઓ નીચે મુજબ છે.

(૧) સુનીલ કુમાર મીના - વરિષ્ઠ ડિવિઝનલ વાણિજ્ય પ્રબંધક, રાજકોટ., (૨) હિતેશ જોશી - સહાયક વાણિજ્ય પ્રબંધક, રાજકોટ. (૩) ચંદ્રસિંહ ઝાલા - તત્કાલીન મુખ્ય વાણિજ્ય નિરીક્ષક, રાજકોટ (હાલ ACM ટિકિટ ચેકિંગ, ચર્ચગેટ)., (૪) અમિત જોશી - રિઝર્વેશન સુપરવાઈઝર, રાજકોટ

રાજકોટ ડિવિઝનની આ સિદ્ધિએ માત્ર ડિવિઝનની પ્રતિષ્ઠાને વધુ મજબૂત બનાવી નથી, પરંતુ પશ્ચિમ રેલવેને ભારતીય રેલવેમાં અગ્રણી સ્થાન પર જાળવી રાખવામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

# વસ્તી ગણતરી-૨૦૨૭ માટે તંત્ર સજ્જ : રાજકોટમાં ચાર્જ અધિકારીઓની તાલીમ યોજાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી વસ્તી ગણતરી-૨૦૨૭ને ધ્યાનમાં રાખીને રાજકોટ જિલ્લામાં ચાર્જ અધિકારીઓ માટે તા. ૧૧ અને ૧૨ માર્ચ ૨૦૨૬ દરમિયાન બે દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન રાજકોટના સર્કિટ હાઉસ ખાતે કરવામાં આવ્યું હતું. તાલીમ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટરશ્રી નિવાસી અધિક કલેક્ટર તેમજ ડિસ્ટ્રિક્ટ નોડલ ઓફિસર (સેન્સસ) ઉપસ્થિત રહ્યા હતા.

આ તાલીમ કાર્યક્રમમાં જિલ્લાના ૧૧ તાલુકા મામલતદારઓ તથા ૬ નગરપાલિકાના ચીફ ઓફિસરો સહિત તમામ ચાર્જ અધિકારીઓએ ભાગ લીધો હતો. તાલુકા મામલતદારઓ અને ચીફ ઓફિસરો પોતાના વિસ્તારમાં ચાર્જ અધિકારી તરીકે વસ્તી ગણતરીની કામગીરીનું નેતૃત્વ કરશે.



તાલીમનો મુખ્ય ઉદ્દેશ ચાર્જ અધિકારીઓને વસ્તી ગણતરી સંબંધિત માર્ગદર્શિકા, પ્રક્રિયા, ડિજિટલ સિસ્ટમ તથા કામગીરીના વિવિધ પાસાઓ અંગે વિસ્તૃત સમજ આપવાનો હતો. ચાર્જ અધિકારીઓની કામગીરીમાં વહીવટી એકમોની યોગ્ય રચના, ફીલ્ડ કર્મચારીઓની નિમણૂક, એન્યુમરેટર તથા સુપરવાઈઝરોને તાલીમ આપવાની વ્યવસ્થા તેમજ કોઈપણ છૂટછાટ વગર સંપૂર્ણ અને ચોક્કસ વસ્તી ગણતરી સુનિશ્ચિત કરવાના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

જિલ્લા કલેક્ટર પ્રમુખ વસ્તી ગણતરી અધિકારી તરીકે તથા નિવાસી અધિક કલેક્ટર જિલ્લા વસ્તી ગણતરી અધિકારી તરીકે સમગ્ર કામગીરી દરમિયાન રાજકોટ જિલ્લામાં વસ્તી ગણતરીની કામગીરી પર દેખરેખ અને નિયંત્રણ રાખશે.

વસ્તી ગણતરી માટે જિલ્લા કક્ષાએ ૨ માસ્ટર ટ્રેનર તથા તાલુકા અને નગરપાલિકા કક્ષાએ કુલ ૪૧ ફીલ્ડ ટ્રેનરોની નિમણૂક કરવામાં આવી છે. આ તમામ ફીલ્ડ ટ્રેનરોને ૨૦ માર્ચ ૨૦૨૬ પહેલાં તાલીમ પૂર્ણ કરવામાં આવશે.

વસ્તી ગણતરીની કામગીરી બે તબક્કામાં હાથ ધરવામાં આવશે. પ્રથમ તબક્કો હાઉસ લિસ્ટિંગ ઓપરેશન તા.૨૦-૪-૨૦૨૬ થી ૧૫-૫-૨૦૨૬ દરમિયાન યોજાશે. તે પહેલાં સેલ્ફ એન્યુમરેશન પ્રક્રિયા તા.૫-૪-૨૦૨૬ થી ૧૬-૪-૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવશે.

જ્યારે બીજો તબક્કો એટલે કે પોપ્યુલેશન એન્યુમરેશન તા. ૮-૨-૨૦૨૭ થી ૨૮-૨-૨૦૨૭ દરમિયાન યોજાશે.

વસ્તી ગણતરી એક મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પ્રક્રિયા હોવાથી તમામ અધિકારીઓ તથા ફીલ્ડ સ્ટાફ દ્વારા સંકલન, જવાબદારી અને પ્રતિબદ્ધતા સાથે કામગીરી કરવામાં આવશે, તેમ જિલ્લા વહીવટી તંત્રની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જામનગર જિલ્લામાં છેલ્લા ૧૨ વર્ષમાં ૪૫ હજારથી વધુ મહિલાઓ માટે '૧૮૧ અભયમ' બની સુરક્ષાનું સશક્ત કવચ

**જામનગર જિલ્લામાં ૯,૫૦૦થી વધુ કિસ્સાઓમાં રેસ્ક્યુ વાન દ્વારા સ્થળ પર જ તાત્કાલિક મદદ પુરી પડાઈ**






**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સહિત સમગ્ર ગુજરાત રાજ્યમાં શાંતિ, સલામતી અને મહિલા સશક્તિકરણના ઉમદા ઉદ્દેશ્ય સાથે કાર્યરત '૧૮૧ અભયમ' મહિલા હેલ્પલાઈન સેવાએ પોતાની સફળ કામગીરીના ૧૨ વર્ષ પૂર્ણ કર્યા છે. ૮ માર્ચ, આંતરરાષ્ટ્રીય મહિલા દિવસના અવસરે આ સેવાની સિદ્ધિઓ પર નજર કરીએ તો જામનગર જિલ્લામાં છેલ્લા ૧૨ વર્ષના સમયગાળા દરમિયાન કુલ ૪૫,૮૭૯ મહિલાઓએ આ સેવાનો લાભ મેળવ્યો છે. તાકીદની પરિસ્થિતિમાં ઘટના સ્થળ પર જઈને કાઉન્સિલર અને પોલીસ ટીમ દ્વારા જિલ્લાની ૯,૫૬૩ મહિલાઓને સીધી મદદ પૂરી પાડવામાં આવી છે. ખાસ કરીને વર્ષ ૨૦૨૫ના જાન્યુઆરીથી ડિસેમ્બર દરમિયાન જામનગર જિલ્લામાં ૮૬૦ કિસ્સાઓમાં અભયમની રેસ્ક્યુ વાન ઘટના સ્થળે પહોંચી હતી, જેમાંથી ૬૨૮ કિસ્સાઓમાં કુશળ કાઉન્સિલિંગ દ્વારા સ્થળ પર જ સુખદ સમાધાન લાવવામાં સફળતા મળી છે. ગંભીર પ્રકારની સમસ્યા ધરાવતી ૨૦૨ પીડિતાઓને પોલીસ સ્ટેશન, મહિલા સહાયતા કેન્દ્ર કે આશ્રયગૃહ જેવી સંસ્થાઓ સુધી પહોંચાડી ન્યાય અપાવવાની ઉમદા કામગીરી પણ જામનગરની અભયમ ટીમ દ્વારા કરવામાં આવી છે.સમગ્ર ગુજરાતની વાત કરીએ તો, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ કાર્યરત આ હેલ્પલાઈન દ્વારા છેલ્લા ૧૨ વર્ષમાં ૧૮.૧૦ લાખથી વધુ મહિલાઓને જરૂરી સલાહ અને માર્ગદર્શન આપી સશક્ત કરવામાં આવી છે. રાજ્યમાં અત્યંત ગંભીર પરિસ્થિતિમાં મુકાયેલી ૧,૦૯,૮૮૬ મહિલાઓનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી તેમને સુરક્ષિત આશ્રયસ્થાને પહોંચાડાઈ છે, જ્યારે ૨.૨૯ લાખથી વધુ કિસ્સાઓમાં પારિવારિક કે સામાજિક વિવાદોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો છે. ૮ માર્ચ ૨૦૧૫ના રોજ રાજ્યવ્યાપી બનેલી આ સેવા આજે ૫૯ અત્યાધુનિક જીપીએસ સજ્જ રેસ્ક્યુ વાન અને ૨૪૭ કાર્યરત તાલીમબદ્ધ સ્ટાફ સાથે મહિલાઓ માટે અભેદ્ય સુરક્ષા માળખું બની ગઈ છે.ડિજિટલ યુગમાં મહિલાઓની સુરક્ષાને વધુ સ્માર્ટ બનાવવા માટે '૧૮૧ મોબાઈલ એપ' પણ આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. આ એપમાં રહેલા પેનિક બટન અને ફોન શેકિંગ જેવા અદભૂત ફીચર્સ મુશ્કેલીના સમયે પીડિતાનું ચોક્કસ લોકેશન હેલ્પલાઈન સેન્ટર સુધી પહોંચાડે છે, જેથી ફોન કર્યા વગર પણ ત્વરિત મદદ મળી શકે છે. માત્ર હિંસા જ નહીં, પરંતુ સાયબર ગુના, લગ્ન જીવનના વિખવાદો અને સરકારી યોજનાઓની માહિતી આપતી આ હેલ્પલાઈન મહિલાઓની ઓળખ ગુપ્ત રાખીને તેમને ન્યાય અપાવવાનું કાર્ય કરે છે. આમ, પરંપરાગત મદદ અને આધુનિક ટેકનોલોજીના સંગમથી ગુજરાતની નારી આજે ખરા અર્થમાં અભય બનીને આત્મવિશ્વાસ સાથે પ્રગતિના પંથે આગળ વધી રહી છે.

# વાહનોની લે-વેચ કરતા વેપારીઓને તમામ વિગતો સાથેનું રજીસ્ટર નિભાવવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં જાહેર વ્યવસ્થા, શાંતિ, સલામતી અને દેશની સુરક્ષા માટે વાહન વેચનારાનાઓ માટે રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાએ નીચે મુજબના આદેશો જારી કર્યા છે.

જે અન્વયે રાજકોટ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં વાહન વેચનાર દુકાનો ધરાવનારા માલિકો, મેનેજરો, સંચાલકો, એજન્ટોએ જ્યારે-જ્યારે જુના વાહન વેચવામાં આવે ત્યારે વાહન ખરીદનાર વ્યક્તિની ઓળખ માટે ખરીદીનું બીલ, વેચાણ લેનાર ગ્રાહકનું ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ, ચૂંટણી કાર્ડ, રેશનકાર્ડ, આધારકાર્ડ કે નોકરી કરતાં હોય તો ત્યાંનું ઓળખપત્ર કે શૈક્ષણિક સંસ્થાનું પ્રમાણપત્ર કે સ્થાનિક અગ્રણીઓ જેવાં કે મ્યુનિસિપલ કોર્પોરેટર, ધારાસભ્ય, સાંસદસભ્ય, કોઈપણ ખાતાના રાજ્યપત્રિત અધિકારી તરફથી મેળવેલ ઓળખપત્ર, પ્રમાણપત્ર પૈકી કોઇ પણ એક પુરાવો ઓળખ માટે ગ્રાહક પાસેથી વાહન વેચાણ કરનારે મેળવી તેનો રેકર્ડ નિભાવવાનો રહેશે.

તદુપરાંત વેચાણ બીલમાં ખરીદનારનું પુરૂ નામ-સરનામું, સંપર્ક માટે ટેલીફોન/મોબાઈલ નંબર, વાહનનો પ્રકાર, વાહનનો એન્જીન નંબર, (ફ્રેમ ચેસીસ નંબર લખવો આવશ્યક છે) સાયકલ, સ્કુટર કે મોટર સાયકલ જેવા બીજા ટુ વ્હીલર, ફોર વ્હીલર તથા ભારે વાહનોના વેચાણ અંગેના રેકર્ડ ચકાસણી માટે વેયાણકર્તા પાસે કોઈપણ પોલીસ અધિકારી/પોલીસ કર્મચારી તરફથી માંગણી કરવામાં આવે ત્યારે જરૂરી વિગતો મુજબની માહિતી/રેકર્ડ ચકાસણી માટે રજુ કરવાના રહેશે. આ આદેશનો અમલ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા. ૩૦/૦૪/૨૦૨૬ સુધી કરવાનો રહેશે. જેનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

# સાહિત્ય, પત્રકારત્વ અને AI વિષય પરના 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમનો વિશેષ રેડિયો અહેવાલ ૧૨ માર્ચે આકાશવાણી, રાજકોટ પરથી પ્રસારિત થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત પ્રેસ અકાદમી-ગાંધીનગર, પ્રાદેશિક માહિતી કચેરી-રાજકોટ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં ''સાહિત્ય પત્રકારત્વ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ '' વિષય પર વિશેષ કાર્યક્રમ 'સર્જક સાથે સંવાદ' યોજાયો હતો, આ બૌદ્ધિક અને પ્રેરણાદાયી કાર્યક્રમનો વિશેષ રેડિયો અહેવાલ આગામી ૧૨ માર્ચ, ગુરુવારના રોજ આકાશવાણી રાજકોટ પરથી પ્રસારિત કરવામાં આવશે.

રેડિયો પર MW 370.3mtrs/810khz ઉપરાંત news on air app પર (app link https://play.google.com/store/apps/details?id=com.parsarbharti.airnews) અને વિશ્વના કોઈ પણ ખૂણામાં https://akashvani.gov.in/radio/live.php?channel=91 પર સાંભળી શકાશે.

આ કાર્યક્રમમાં સાહિત્ય અને પત્રકારત્વના ક્ષેત્રમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના પ્રભાવ વિશે ઊંડાણપૂર્વકની ચર્ચા કરવામાં આવી હતી. સાહિત્યરસિકો, પત્રકારત્વના વિદ્યાર્થીઓ અને ટેકનોલોજીમાં રસ ધરાવતા લોકો માટે આ અહેવાલ અત્યંત માહિતીપ્રદ બની રહેશે.

સૌ સાહિત્યપ્રેમી જનતા અને શ્રોતાઓને આ પ્રસારણ માણવા આકાશવાણી રાજકોટ દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મોરબીના લીલાપર ગામે દેશી દારૂની ચાલુ ભઠ્ઠી ઝડપાઈ ૧.૫૯ લાખનો મુદ્દામાલ જપ્ત, આરોપી ફરાર

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના લીલાપર ગામની સીમમાં પોલીસે દરોડો પાડી દેશી દારૂ ગાળવાની ચાલુ ભઠ્ઠી ઝડપી પાડી હતી. કાર્યવાહી દરમિયાન ૪૦૦ લીટર ગરમ આથો, ૪૬૦૦ લીટર ઠંડો આથો અને ૧૫૦ લીટર દેશી દારૂ સહિત કુલ રૂ. ૧.૫૯ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. જોકે દરોડા દરમિયાન આરોપી સ્થળ ઉપર હાજર નહિ મળી આવતા તેની વિરુદ્ધ ગુનો નોંધી તેને પકડી લેવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

મોરબી તાલુકા પોલીસે લીલાપર ગામની સીમમાં ગેરકાયદેસર દારૂના ધંધા સામે કાર્યવાહી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ, મનોજભાઈ વશરમભાઈ કુભારિયાના ખેતર સામે ગધા ડેમની પાળ પાસે ખરાબાની જમીનમાં આરોપી નવઘણ જેઠાભાઈ દેગામા રહે. લીલાપર વાળો દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવી દેશી દારૂ બનાવતો હતો. જે મળેલ બાતમીને આધારે તાલુકા પોલીસે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી ૪૦૦ લીટર ગરમ આથો, ૪૬૦૦ લીટર ઠંડો આથો, ૧૫૦ લીટર દેશી દારૂ તેમજ પ્લાસ્ટિક બેરલ, લોખંડના બેરલ, પાઈપ, ઈલેક્ટ્રિક મોટર સહિત કુલ રૂ.૧,૫૯,૨૦૦/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.

પોલીસ દરોડા સમયે આરોપી સ્થળ પર હાજર ન મળતા ફરાર થઈ ગયો હતો. આ મામલે મોરબી તાલુકા પોલીસે આરોપી સામે પ્રોહિબિશન અધિનિયમની વિવિધ કલમ મુજબ ગુનો નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

# ઉના મામલતદારને વકીલ મંડળે આવેદનપત્ર આપી રોષ વ્યક્ત કર્યો




**કામગીરીમા થતો વિલંબ અને ફાઈલો ગુમ થવા સહિતના મુદ્દે મામલતદારને રજૂઆત**

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના મામલતદાર કચેરીમાંથી ફાઈલો ગુમ થઈ જાય છે. મામલતદાર કોર્ટમાં ચાલતા કેસોની તારીખના દિવસે વકીલો હાજર હોય છે, પરંતુ મામલતદાર હાજર ન હોવાથી વકીલો અને અરજદારોને રાહ જોવી પડે છે. કચેરીનો સ્ટાફ પણ યોગ્ય જવાબ આપતો નથી અને અંતે 'સાહેબ તેવું જણાવવામાં આવે છે. વધુમાં, જન્મ-મરણની નોંધણીના કાયદા હેઠળ વકીલો દ્વારા નિયમ મુજબ અરજીઓ અને દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવે છે. તેમ છતાં, જો કોઈ દસ્તાવેજી પુરાવામાં અપૂરતા હોય તો વકીલોને જાણ કર્યા વિના અરજીઓ પેન્ડિંગ રાખવામાં આવે છે. આવા અનેક કામોમાં કચેરીના જવાબદાર કર્મચારીઓ દ્વારા વકીલો અને સામાન્ય પ્રજાને હેરાનગતિનો સામનો કરવો પડે છે.વકીલ મંડળે માંગણી કરી હતી કે, મામલતદાર કચેરી માં ચાલતા કેસોની તારીખ જિલ્લા અરજીની મુદત તારીખની વિ.વકિલશ્રીને લેખીતમા જાણ કરીને અરજીના આખરી હુકમની વિ.વકિલશ્રીને જાણ કરવા રજૂઆત કરી હતી મામલતદાર કોર્ટ મા ચાલતા તકરારી કેસો પેશકદમીના કેસો, ચેપ્ટર વે કેસો વિગેરે અન્ય પ્રકારના કેસો ચાલતા હોય છે. જેમા વકિલશ્રીઓ રોકાયેલા હોય છે. આ વકિલશ્રીઓ કોર્ટમા મુદતે સમયે કેસ ચલાવવા જાતે હાજર થઈ મામલતદાર ના આગમનની રાહ જોતા હોય છે. કેસ ચલાવવા આવવાના છે કેબાબતે તપાસ કરવામા આવે તો ત્યારે કર્મચારી યોગ્ય જવાબ આપતા નથી. અન્ય કામે ગયેલા હોય તો તેવા દિવસે વકિલઓને તેમજ પ્રજાને અસીલોને ધક્કા થાય છે લોકો પરેશાન થાય છે. આવા સંજોગોમા માન. જીલ્લા કલેકટની કોર્ટમા ચાલતા કેસોની સુનાવણીની નવી તારીખોની માહીતી તુરતજ (એડવાન્સમા) વોટસએપ ઉપર મોકલી આપવામા આવે કોર્ટમા ચાલતા કેસોની મુદત તારીખે સાહેબ કેસ ચલાવવા હાજર રહી શકો તેમ ન હોય ત્યારે તેમજ અન્ય કામમા રોકાયેલ હોય આવા કે અન્ય કારણોસર કેસોમા માત્ર બીજી તારીખ નાખવાની હોય તો તેવા સંજોગોમા વકિલઓને વોટસએપના માધ્યમથી એડવાન્સમા જાણ કરવા ઉના વકીલ-મંડળ એમાંગણી કરી મામલતદારને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી હતી ઉના વકીલ મંડળે મામલતદાર કચેરીની કામગીરી માં વિલંબ અને ફાઈલો ગુમ થવા સહિતના મુદદે ૫૦થી વધુ વકીલોએ એકસૂરે જણાવ્યું હતું કે, વકીલો અને સામાન્ય જનતાના કામ સમયસર થતા નથી આજે ઉના મામલતદાર ને વકીલ મંડળ દ્વારા આવેદનપત્ર પાઠવી અને રજૂઆત કરી છે

# વાંકાનેરમાં જમાતખાનામાં બેસવા બાબતે ઝઘડો યુવકને માર મારી છરી બતાવી મોતની ધમકી

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેરના વોરા સમાજના જમાતખાનામાં જમાતમાં બેસવાની બાબતે થયેલી બોલાચાલીમાં બે શખ્સોએ યુવક સાથે ઝપાઝપી કરી ઈજા પહોંચાડતાં અને છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપતાં પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વાંકાનેર શહેરમાં આવેલ વોરા સમાજના જમાતખાનામાં બેસવાની બાબતે થયેલી બોલાચાલી ઝઘડામાં ફેરવાઈ જતાં એક યુવકને માર મારવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, હુશેનભાઈ મહમદહુશેન વેદ રહે.દિવાનપરા વાંકાનેર વાળા જમાતખાનામાં જમવા માટે બેઠા હતા ત્યારે બેસવાની બાબતે આરોપી મુર્તુજા મુસ્તાકભાઈ હાથી અને અબ્બાસભાઈ અસગરઅલી હાથી બંબે રાગે.વાંકાનેર વાળા સાથે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ આરોપી મુર્તુજાએ ફરીયાદી સાથે ઝપાઝપી કરી તેમના જમણા હાથની આંગળીઓમાં બચકા ભરી ઈજા પહોંચાડી હતી. તે દરમિયાન આરોપી અબ્બાસભાઈએ ફરીયાદીની દાઢી ખેંચી પછાડી દીધા હતા અને ગાળો બોલી છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે બંને આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા તેમજ જી.પી.એક્ટ કલમ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેરના ભેરડા ગામે પ્લાન્ટના લેબર ક્વાર્ટરમાંથી ૮૦૦ મીટર વાયર સહિત ૧.૯૪ લાખના મુદામાલની ચોરી

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના ભેરડા ગામની સીમમાં આવેલ મિનરલ્સ પ્લાન્ટના લેબર ક્વાર્ટરમાં અજાણ્યા તસ્કરોએ તાળા તોડી આશરે ૮૦૦ મીટર વાયર તથા અન્ય સામાન સહિત રૂ. ૧.૯૪ લાખની ચોરી કરી હતી. બનાવ અંગે વાંકાનેર તાલુકા પોલીસે અજાણ્યા ચોરો સામે ગુનો નોંધાતા, પોલીસે આરોપીના સગડ મેળવવા તજવીજ શરૂ કરી છે. વાંકાનેર તાલુકાના ભેરડા ગામની સીમમાં આવેલ ગુરૂકૃપા મિનરલ્સ નામના ગળદા (બેલા પથ્થર)ના પ્લાન્ટના લેબર ક્વાર્ટરમાં ચોરીની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ તા. ૬ માર્ચની સાંજે ૫ વાગ્યાથી તા. ૭ માર્ચની સવારે ૮ વાગ્યા વચ્ચેના કોઈપણ સમયે અજાણ્યા ચોરો ક્વાર્ટરના તાળા તોડી ક્વાર્ટરમાં રાખેલ ૦૬ એમ.એમ. પટ્ટી કેબલ વાયર આશરે ૮૦૦ મીટર કિ.રૂ. ૧,૮૬,૪૦૦/- તેમજ પાવર સપ્લાયના ૮ સ્ટાટર કિ.રૂ.૮,૦૦૦/- સહિત કુલ રૂ.૧,૯૪,૪૦૦/-ની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ચોરીના બનાવ અંગે પ્લાન્ટના માલિક બલભદ્રસિંહ રણજીતસિંહ જાડેજા રહે. પેડક સોસાયટી દિગ્વીજયનગર વાંકાનેર વાળાએ વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. જેથી પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# હળવદના ચરાડવા ગામે ટ્રક ટ્રેઈલરની ઠોકરે બાઈક ચાલકનું સ્થળ પર કરૂણ મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ-મોરબી હાઈવે પર ચરાડવા ગામ પાસે ટ્રક ટ્રેઈલરે બાઈકને હડફેટે લેતાં યુવાનનું સ્થળ પર જ મોત થયું હતું. અકસ્માત બાદ ટ્રકનો ચાલક વાહન મુકીને ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે હળવદ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હળવદ-મોરબી હાઈવે રોડ પર ચરાડવા ગામના ઉગમણા ઝાપે દલવાડી સમાજની વાડી પાસે અકસ્માતની દુઃખદ ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ ગત તા. ૯ માર્ચના રોજ ટ્રક ટ્રેઈલર રજી.નં. એચઆર-૩૮-એબી-૦૪૭૮ ના ચાલકે પોતાના હવાલા વાળું વાહન બેદરકારીપૂર્વક અને પુરઝડપે ચલાવી આવી બાઈકને હડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં બાઇક ચાલક કુલદીપસિંહ ઉમેદસિંહ અસ્વારને માથા તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સ્થળ ઉપર જ મોત થયું હતું. અકસ્માત સર્જી ટ્રક ટ્રેઈલરનો ચાલક વાહન મુકીને ફરાર થઈ ગયો હતો. હાલ અકસ્માતના બનાવ મામલે મૃતકના કાકા ગુલાબસિંહ રામભા અસ્વાર રહે. પાંડાતીરથ તા. હળવદ વાળાની ફરિયાદને આધારે હળવદ પોલીસે આરોપી ટ્રક ટ્રેઈલર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીમાં રેઢી પડેલ રીક્ષામાંથી વિદેશી દારૂના ૨૦ ચપલા પકડાયા

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે પેટ્રોલિંગ દરમિયાન લાતી પ્લોટ શેરી નં. ૩ માં સીએનજી રીક્ષા રજી.નં. જીજે-૦૧-ટીએચ-૩૪૮૨ બિનવારસી શંકાસ્પદ હાલતમાં રેઢી પડેલ જોવામાં આવર, રિક્ષાની તલાસી લેતા તેમાં પ્લાસ્ટિકના ઝબલામાં વિદેશી દારૂ ૮ પીએમ વ્હિસ્કીની ૧૮૦મીલી.ની ૨૦ નંગ બોટલ કિ.રૂ.૨,૪૦૦/-મળી આવી હતી. જેથી પોલીસે સીએનજી રીક્ષા કિ.રૂ.૫૦ હજાર તેમજ વિદેશી દારૂ સહિત ૫૨,૪૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ, આરોપી રીક્ષા ચાલક તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જસદણની પ્રભુ સદભાવના સેવા સમિતિ દ્વારા શરૂ કરાયેલ સિનિયર સિટીઝન લાફિંગ ક્લબની પત્રકારોએ મુલાકાત લઈ કામગીરી બિરદાવી

**મુખ્ય સમાચાર, જસદણ**



જસદણમાં પ્રભુ સદભાવના સેવા સમિતિ દ્વારા સિનિયર સિટીઝન વડીલો માટે એક લાફિંગ કલબ શરૂ કરવામાં આવી છે જેમાં વિવિધ કસરતો ના સાધનો યોગ ધ્યાન માટે કુટીર તેમજ વાંચન સામગ્રી લાઈબ્રેરી જેવી વિવિધ સુવિધાઓ વડીલો માટે ઉભી કરવામાં આવી છે આ સંસ્થા કોઈપણ જાતનો ફંડ ફાળો ઉઘરાવ્યા વગર નામનો મોહ રાખ્યા વગર ચૂપચાપ સેવા કરે છે પ્રભુ સદભાવના સેવા સમિતિના આગેવાનો સુરેશભાઈ ધોળકિયા વિજયભાઈ રાજપુત દિનેશભાઈ ચૌહાણ રવુભાઈ ખાચર સાથે જસદણ નગરપાલિકાના પૂર્વ કારોબારી ચેરમેન અને પત્રકાર બીજલભાઇ ભેંસજાળીયા તેમજ યાર્ડના પૂર્વ ડિરેક્ટર અને પૂર્વ નગર સેવક પત્રકાર નરેશભાઈ ચોહલીયા પત્રકાર કરણભાઈ બાવળીયા એ મુલાકાત લીધી હતી આ મુલાકાત દરમિયાન સંસ્થાની કામગીરીને બિરદાવી હતી આ સંસ્થા પક્ષીને ચણ ગાયોને ચારો ગરીબોમાં અનાજ કરિયાણા કીટ વિતરણ પ્રભુ સદભાવના ભોજન પ્રસાદ વિતરણ કાપડ બુટ ચંપલ જરૂરિયાતમંદ વિધાર્થીઓને સાયકલ વિતરણ તહેવારોમાં મીઠાઈ ફટાકડા વિતરણ જેવા વિવિધ સેવાકીય કાર્યો ફંડ ફાળા વગર કરી રહ્યા છે.

# ગોંડલના પ્રમુખનગરમાં ઘરમાં જ બિયર બાર બનાવનાર શખ્સ ઝડપાયો

## રેન્જ આઈજી નિર્લિપ્ત રાયની ગોંડલની મુલાકાત બાદ પોલીસ હરકતમાં આવી : રૂ.૨.૯૬ લાખની કિંમતનો મોંઘોદાટ વિદેશી દારૂ કબ્જે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાયે ચાર્જ સંભાળ્યા બાદ તુરંત જ ગોંડલની મુલાકાત લઇ પોલીસને લોકોનું જાનમાલનું રક્ષણ કરવા અને ગેરકાયદે પ્રવૃતિઓ પર અંકુશ લાવવા તથા સદંતર બંધ કરવા અંગેની સુચનાના પગલે ગોંડલ પોલીસ હરકતમાં આવી હોય તે દરમ્યાન રાજકોટ રૂરલ એલસીબીની ટીમે ગોંડલના પ્રમુખનગરમાં રહેતો અને ઘરમાં જ બિયર બાર બનાવનાર શખ્સને દબોચી લઇ વિદેશી દારૂની અલગ-અલગ મોંઘીદાટ બ્રાન્ડની ૧૦૭ બોટલનો જથ્થો કબ્જે કરી શખ્સની ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એલસીબીના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ કે.એમ.ચાવડા, આર.વી.ભીમાણી, પી.એન. એએસઆઇ એચ.સી.ગોહિલ, ભરવાડ, હેડ કોન્સ. પ્રહલાદસિંહ સહિતનો સ્ટાફ ગોંડલના વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, ગોંડલમાં આવેલ આશાપુરા ચોકડી પાસે પ્રમુખનગરમાં રહેતો નરેન્દ્રસિંહ પ્રતાપસિંહ ઝાલા નામના શખ્સે પોલીસનો ડર રાખ્યા વગર પોતાના ઘરમાં બિયર બાર બનાવ્યું હોય અને વિદેશી દારૂની અલગ-અલગ મોંઘીદાટ દારૂનો જથ્થો કબાટમાં રાખ્યો હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા નરેન્દ્રસિંહ પ્રતાપસિંહ ઝાલાની ધરપકડ કરી તેણે ઘરમાં બનાવેલા બિયર બારમાંથી ૧૦૭ બોટલ કિંમત રૂ.૨.૯૬ લાખનો જથ્થો મળી આવતા પોલીસે કુલ રૂ.૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી નરેન્દ્રસિંહ ઝાલાની ધરપકડ કરી તેના પુત્ર રૂષીરાજસિંહ નરેન્દ્રસિંહ ઝાલાની શોધખોળ શરૂ કરી છે.

# વિછિંયા પંથકમાં એલ્યુમીનીયમ વાયરની ચોરી કરતી ગેંગ ઝડપાઇ

## જેતપુરમાં બાઇકની ઉઠાંતરી કરનાર તસ્કર રાજકોટ માંથી પકડાયો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણના વિછિંયા પંથકમાં છેલ્લા ઘણા સમયથી એલ્યુમીનીયમ વાયરની ચોરી કરતી ગેંગ સક્રિય બની હોવાની ફરીયાદોના પગલે ગ્રામ્ય એલસીબીની ટીમે વોચ ગોઠવી કચ્છની ગેંગને દબોચી લઇ રૂ.૩.૨૮ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી એએસઆઇ એચ.સી.ગોહિલ, કે.એમ.ચાવડા, આર.વી.ભીમાણી, પી.એન.ભરવાડ, એએસઆઇ બાલકૃષ્ણભાઇ, અમીતભાઇ, હેડ કોન્સ. શિવરાજભાઇ ખાચર, ધર્મેશભાઇ બાવળીયા સહિતનો સ્ટાફ જસદણના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે વિછિંયાના લાલાવદર ગામની સીમમાંથી વાહનમાં એલ્યુમીનીયમના વાયર ૪૦૦ કિલો સાથે દેવરાજ અશોક ઠક્કર (રહે. અંજાર નવાનગર), સંતોષ મોજુ ઉગરેજીયા (રહે.પાળીયાદ, તા. જી.બોટાદ), દિપુ ઉર્ફે દિપો ગુલાબ શેખલીયા (રહે.કાનીયાડ, નદીના કાંઠે), સંતોષ ઉર્ફે ભોપો સુરેશ સાથડીયા (રહે.લોયા ગામ) સહિતના ચાર શખ્સોની ધરપકડ કરી વાહન અને મોબાઇલ સહિત કુલ રૂ.૩.૨૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જયારે અન્ય એક બનાવમાં રાજકોટ ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ એ.એન.પરમારની સુચનાથી હેડ કોન્સ. જયદેવસિંહ, અર્જુનભાઇ અને ગોપાલભાઇ સહિતનો સ્ટાફ શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે એક શખ્સ બાઇક લઇ શંકાસ્પદ નિકળતા પોલીસે તેને અટકાવી નામઠામ પુછતા પોતાનું નામ ભરત બાલુગર મેઘનાથી (રહે.દોલતપરા, જુનાગઢ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે બાઇકના કાગળો અંગે તપાસ કરતા આ બાઇક જેતપુર ખાતેથી ચોરી થયું હોવાનું માલુમ પડતા પોલીસે વધુ તપાસ કરતા અન્ય એક બાઇક મળી કુલ રૂ.૮૫૦૦૦ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી ભરત મેઘનાથીની ધરપકડ કરવામાં આવી છે.

# વિદેશ જવા ઇચ્છતા લોકો સાથે ૩.૨૮ કરોડની છેતરપિંડી

## વિદેશમાં નોકરી કરવાનું સપના જોતા રાજકોટ અને સૌરાષ્ટ્રના ૭૮ લોકો છેતરપિંડીનો ભોગ બન્યા




**મુખ્ય સમાચાર, રાજકોટ**

જામનગર રોડ પર રહેતા અને ઈમીગ્રેશન કન્સલ્ટન્સી ચલાવતા મહિલાએ દિલ્હીની બે એજન્સીઓ અને તેના ૯ જેટલા સંચાલકો સામે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસમાં નોંધાવી છે. આરોપીઓએ ઓસ્ટ્રિયા, નોર્વે અને કેનેડા જેવા દેશોમાં વર્ક પરમિટ અપાવવાના બહાને ૩.૨૮ કરોડ જેટલી મસમોટી રકમ પડાવી લઈ બદલામાં એમ્બેસીના નકલી દસ્તાવેજો પધરાવી દીધા હતા.

આ અંગેની વિગતો મુજબ, ફરિયાદી મિત્તલબેન રાજકોટમાં કે.એમ. ઈમીગ્રેશન' નામે ઓફિસ ધરાવે છે. દિલ્હીની 'ગ્યાનગતિ પ્રા.લી.' અને 'બેડોન એજ્યુકેશન' નામના કન્સલ્ટન્ટ્સે તેમનો સંપર્ક કરી ૨ (બીઝનેસ ટુ બિઝનેસ) પદ્ધતિથી વિદેશમાં વર્ક પરમિટ અપાવવાની લાલચ આપી હતી. વિશ્વાસ કેળવવા માટે આરોપીઓએ શરૂઆતમાં ઈઝરાયેલની વર્ક પરમિટ રદ થતા નાણાં પરત આપી દીધા હતા. ત્યારબાદ, મિત્તલબેન દ્વારા અલગ-અલગ ૭૮ ઉમેદવારો પાસેથી ઉઘરાવેલા કુલ રૂ. ૩.૨૮ કરોડ થી વધુની રકમ બેંક ટ્રાન્સફર અને આંગડિયા મારફતે દિલ્હી મોકલવામાં આવી હતી.

આરોપીઓએ ઓસ્ટ્રિયા એમ્બેસીના નકલી એપોઈન્ટમેન્ટ લેટર્સ અને વર્ક પરમિટ આપ્યા હતા. જ્યારે ઉમેદવારો દિલ્હી લાઈન કારણ એક સ્વા એમ્બેસી ખાતે વિઝા સબમિશન માટે ગયા, ત્યારે આરોપીઓએ વારંવાર બહાના કાઢી તેમને પરત મોકલ્યા હતા. અંતે, ફરિયાદીએ ઓસ્ટ્રિયા એમ્બેસીમાં મેઈલ દ્વારા તપાસ કરતા જાણવા મળ્યું કે આરોપીઓએ આપેલા તમામ લેટર્સ અને ડોક્યુમેન્ટ્સ તદ્દન ખોટા અને બનાવટી હતા. બનાવ અંગે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે ગ્યાનગતિ પ્રા.લી.', 'બેડોન એજ્યુકેશન' કંપનીના ડાયરેક્ટરો તેમજ અજય મોહપાલ, વિકાસ સૈની, નેહા ગુપ્તા, શ્વેતા સાહુ, સ્વાતિ મોહપાલ, મનપ્રીત સંધુ, મોનિકા સૈની સામે ખોટા દસ્તાવેજ, તેમજ આઈ.ટી એક્ટની કલમો હેઠળ ગુનો નોંધીને આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજકોટમાં રેતી-કપચીના વેપારી સાથે ૮૦.૬૦ લાખની છેતરપિંડી

## અમદાવાદના શખસે વિશ્વાસ કેળવીને ૧૦ લાખ એડવાન્સ આપ્યા બાદ બાકીના ૨.૨૩ કરોડના માલમાંથી લાખો રૂપિયા ઓળવી લીધા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ પર રહેતા અને વડોદરામાં કપચીનો વ્યવસાય કરતા વેપારીને અમદાવાદના શખસે વિશ્વાસ જીતીને માલ મંગાવ્યા બાદ બાકીના ૮૦.૬૦ લાખ પરત ન કરતાં રાજકોટ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની વિગતો મુજબ, મૂળ રાજકોટના અને વડોદરાના વારસડા સેવેલીયા ગામે 'સુખદેવ અર્થ મુવર્સ' નામે કપચીનો વેપાર કરતા નવીનભાઈ મોહનભાઈ ચોવટીયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ગત તા. ૧૫/૦૫/૨૦૨૨ના રોજ અમદાવાદના બોપલ વિસ્તારમાં રહેતો અરજણ ગગુભાઈ ભુતિયા (હેકટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના માલિક) નવીનભાઈની રાજકોટ સ્થિત ઓફિસે આવ્યો હતો. અરજણે વડોદરા ખાતે ચાલતા તેમના રોડ કોન્ટ્રાક્ટના કામ માટે GSB, WMM મટીરીયલ અને સ્ટોન ડસ્ટની જરૂરિયાત હોવાનું જણાવી ૧૦,૦૦,૦૦૦ એડવાન્સમાં ચૂકવી વેપારીનો વિશ્વાસ કેળવ્યો હતો. વિશ્વાસ બેસી જતા નવીનભાઈની પેઢીએ અલગ-અલગ તારીખે કુલ ૨,૨૩,૬૦,૬૬૨ની કિંમતનો માલ અરજણની પેઢીમાં મોકલી આપ્યો હતો. જેની સામે આરોપીએ સમયાંતરે ૧,૪૩,૦૦,૦૦૦ બેંક દ્વારા ચૂકવ્યા હતા. જોકે, બાકી રહેતી રકમ ૮૦,૬૦,૬૬૨ માટે જ્યારે વેપારીના મેનેજરે ઉઘરાણી કરી, ત્યારે આરોપી અરજણ ભુતિયા ખોટા વાયદા કરવા લાગ્યો હતો. વારંવારની ઉઘરાણી છતાં નાણાં પરત ન મળતા અને પોતાની સાથે વિશ્વાસઘાત થયાનું જણાતા નવીન ચોવટીયાએ ફરિયાદ નોંધાવી છે

# ખોડિયારનગર વિસ્તારમાં વર્ષોથી પ્રાથમિક સુવિધા ન મળતા ચક્કાજામ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના વોર્ડ નં.૧૩ના ખોડીયારનગર વિસ્તારના રહેવાસીઓએ પ્રાથમિક સુવિધાની માંગણી સાથે ૧૫૦ ફુટ રીંગ રોડ પાસેના મુખ્ય માર્ગ પર એકત્ર થઈ રોષભેર ચક્કાજામ કરી દીધો હતો. જેને પગલે ભરબપોરે વાહનોની લાઇન લાગી હતી.

લોકોએ ભાજપશાસકો સામે સૂત્રોચ્ચાર કર્યા હતા અને સુવિધાની માંગણી કરી હતી. આગેવાનોએ જણાવ્યું હતું કે, પછાત સહિતના વિસ્તારોમાં લોકો લાંબા સમયથી

- વોર્ડ નં.૧૩ના વિસ્તારમાં ભારે ગરમી વચ્ચે લોકો રસ્તા પર આવ્યા : કોર્પોરેટરો અને અધિકારીઓએ પણ ઉડાઉ જવાબ આપ્યા'

પ્રાથમિક સુવિધાથી વંચિત છે. અધિકારીઓ અને કોર્પોરેટરોએ પણ એમની રજૂઆતો સાંભળવાને બદલે ઉડાઉ જવાબો આપ્યા હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

સ્થાનિક લોકોએ જણાવ્યું કે, વોર્ડ નં.૧૩માં મવડીને લાગુ વિશાળ ખોડીયારનગર વિસ્તાર આવેલો છે. આ વિસ્તારમાં ૪૦થી ૫૦ હજાર જેટલા લોકો રહે છે. શ્રમજીવી પરિવારો મોટા ભાગે આ વિસ્તારમાં વસેલા છે. ગોવર્ધન ચોકથી અંદર જતા આ ખોડીયારનગર વિસ્તારમાં આટલા વર્ષોમાં પાકા રોડની સગવડ આપવામાં આવી નથી. ઉપરાંત ગટર, સફાઈ, ટીપર વાન સહિતના પ્રશ્નો અંગે લોકો રજુઆતો થાકી ગયા છતાં કોઈ ઉકેલ આવ્યો નથી. દરમ્યાન આજે લોકોનો રોષ પરાકાષ્ટાએ પહોંચતા તેમણે ચક્કાજામનો રસ્તો અપનાવ્યો હતો.

# રાજકોટ મહાપાલિકામાં વહીવટદાર તરીકે ચાર્જ સંભાળતા રેમ્યા મોહન



તસવીર : ગૌરવ લશ્કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોર્પોરેશનની વર્તમાન શાસકોની ટર્મ ગઇકાલે પૂર્ણ થતા આજે વહીવટદાર તરીકે રાજકોટના પૂર્વ કલેકટર રેમ્યા મોહને વિધિવત રીતે ચાર્જ સંભાળ્યો હતો. આ તકે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા સહિતના અધિકારીઓએ તેમને આવકાર્યા હતા. બાદમાં રેમ્યા મોહને કમિશનર, ડે. કમિશનર સહિતના અધિકારીઓ સાથે બેઠક કરી વર્તમાન સ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેઓએ આવનારા દિવસોમાં રાજકોટનો વિકાસનો કોલ આપ્યો હતો. નોંધનીય છે કે, પૂર્વ કલેકટર તરીકેની કામગીરીથી તેઓ રાજકોટની ભુગોળથી વાકેફ છે.

# કોર્ટના નિવૃત્ત કર્મચારીના ડિજિટલ એરેસ્ટના ગુનામાં વધુ એક પકડાયોઃ આરોપીની ધરપકડ

## દિલ્હી ક્રાઈમ બ્રાંચની ખોટી ઓળખ આપી ડીજીટલ એરેસ્ટ કરી રૂા. ૮૮.૫૦ લાખ પડાવી લીધા હતા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના કોર્ટના નિવૃત કર્મચારી દિનેશભાઈ દેલવાડિયાને ની ડીજીટલ એરેસ્ટ કરી રૂા. ૮૮.૫૦ લાખ પડાવી લેવાના કેસમાં રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે મધ્યપ્રદેશના ધાર જિલ્લાના બદનાવર ગામના રાહુલ શ્રીકૃષ્ણ પાટીદાર (ઉ.વ.૨૭)ને ઝડપી લીધો છે રાહુલની ધરપકડની સાથે જ આ કેસમાં ધરપકડનો આંક છ પર પહોંચ્યો છે. આ અંગે ગત ઓગસ્ટ મહિનામાં સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. તપાસના અંતે કમ્બોડિયાની ગેંગની સંડોવણી ખૂલી હતી. સાધુવાસવાણી રોડ ઉપર સ્વાગત રેસીડેન્સી એ-૯ યુનીવર્સીટી રોડ ઉપર રહેતા રાજકોટ સેસન્સ કોર્ટના રીટાયર્ડ આસીસ્ટન્ટ ક્લાર્ક દિનેશભાઈ જીવણભાઈ દેલવાડીયા (ઉવ.૬૯)ની ફરિયાદને આધારે રાજકોટ સાઈબર ક્રાઈમઅમ ગુન્હો નોધાયો હતો. દિનેશભાઈ અને તેમની પત્નીને આમ ૪૫ દિવસ સુધી ડીજીટલ એરેસ્ટ કરી દિલ્હી ક્રાઈમ બ્રાંચની ખોટી ઓળખ આપી અલગ-અલગ મોબાઈલ નંબરથી ફોન કરી મની લોન્ડરીંગ તથા ડ્રગ્સના કેસ માં ફીટ કરી દેવાની બીક બતાવી કુલ રૂ. ૮૮.૫૫ લાખ પડાવી ઓનલાઈન ફ્રોડ કરેલ હોય જેમાં પોલીસે મધ્યપ્રદેશના ધાર જિલ્લાના બદનાવર ગામના રાહુલ શ્રીકૃષ્ણ પાટીદારની ધરપકડ કરી છે.

ધરપકડ કરાયેલ રાહુલ અને અગાઉ પકડાયેલ કેતન જોશીએ દેવાંશ જોશી નામના એકાઉન્ટર હોલ્ડરનું ખાતુ ભાડે રાખ્યું હતું. જેમાં સાયબર ફ્રોડના રૂા. ૮૮,૫૦ લાખમાંથી રૂા. ૮ લાખ જમા થયા હતા. આરોપી રાહુલની આ ભૂમિકા ધ્યાને લઇ સાયબર ક્રાઈમ પોલીસે ધરપકડ કરી છે. અગાઉ પણ જે પાંચ આરોપીઓ પકડાયા હતા તેસાયબર ફ્રોડના નાણાં જે બેન્ક ખાતાઓમાં જમા થયા હતા તેની સાથે સંકળાયેલા હતા. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય માંડલિક, ડીસીપી ક્રાઈમ જગદીશ બા ગરવા, એ સી પી સી.એમ.પટેલની સુચના અને સાયબર ક્રાઈમના પી.આઈ જે.એમ કૈલા,પી.આઈ એસ.ડી. ગીલવાના માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમની ટીમ તથા સાયબર સેન્ટીનલ લેબની મદદથી આરોપીની ધરપકડ કરી હતી.

# ઈન્સ્ટાગ્રામમાં કોલેજીયન યુવકને રીલ બનાવવી ભારે પડી પોલીસે કાયદાનું ભાન કરાવ્યું



## ગેસ લાઈટર સાથે ખીરસરાના યુવકે ફેમસ થવા કૃત્ય આચર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કોલેજીયન યુવકે પોતાના સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ પર પિસ્તોલ જેવું દેખાતું લાઈટર હાથમાં રાખી રીલ બનાવી હોવાનું ધ્યાને આવતા પોલીસે યુવકને સકંજામાં લઈ કાયદાનું ભાન કરાવ્યું હતું.

મેટોડા પોલીસ મથકના વિસ્તારમાં સોશ્યલ મીડીયામાં એક યુવકે પિસ્તોલ જેવા દેખાતા હથિયાર સાથે રીલ બનાવી સોશ્યલ મીડીયાના ઈન્સ્ટાગ્રામ પ્લેટફોર્મ પર અપલોડ કરેલ હોવાનું ધ્યાને આવતા મેટોડા પોલીસ મથકના પીઆઈ શર્માના માર્ગદર્શન હેઠળ સ્ટાફે ટેકનીકલ સોર્સથી ઓળખ કરતા ખીરસરાના જૂના ગામમાં રહેતો અને કોલેજમાં અભ્યાસ કરતો પાર્થ રણજીત વાગડીયા ઉ.૨૦ હોવાનું સામે આવતા તેની ધરપકડ કરી પૂછતાછ કરતા વાયરલ થયેલા વિડીયોમાં પિસ્તોલ જેવું દેખાતું હથિયાર એક સામાન્ય લાઈટર છે.શખસે સોશ્યલ મીડીયામાં ફેમસ થવા આવી પોસ્ટ મુકી જાહેર સુલેહ શાંતિનો ભંગ કરી લોકોમાં ભયન માહોલ ઉભો કર્યો હોવાથી તેની સામે ગુનો નોંધી કાયદાનું ભાન કરાવ્યું હતું.

# શહેરોમાં કાળઝાળ ગરમી ટ્રાફિક સિગ્નલે શેકાતા વાહનચાલકો

## ૧થી ૪ વાગ્યા સુધી બપોરે સિગ્નલ બંધ રાખવા માંગ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર રાજ્યમાં ઉનાળાનો પ્રકોપ શરૂ થઈ ગયો છે. ફક્ત રાજયની નહીં પરંતુ દેશનું સૌથી ગરમ શહેર રાજકોટ બની ગયું છે. માર્ચની શરુઆતમાં જ પારો સતત ઊંચો જઈ રહ્યો છે. ત્યારે બપોરના સમયે રાજમાર્ગો પર નીકળતા વાહનચાલકો ટ્રાફિક સિગ્નલ પર ભારે હાલાકી ભોગવી રહ્યા છે. ખાસ કરીને શહેરના મુખ્ય ચાર રસ્તાઓ પર લાગેલા ટ્રાફિક સિગ્નલોને કારણે લોકોએ કાળઝાળ ગરમીમાં મિનિટો સુધી ઊભા રહેવું પડે છે, જેને પગલે હવે બપોરે ૧થી ૪ વાગ્યા સુધી સિગ્નલ બંધ રાખવા માટે વાહનચાલકોની માંગ પ્રબળ બની છે.

શહેરમાં કાલઝાળ ગરમીને કારણે બપોરે ટ્રાફિક સિગ્નલ બંધ રાખવામાં આવતા હોય છે પરંતુ આ વખતે હજી સિગ્નલ બંધ નહીં થતાં વાહનચાલાકો હાલાકી વેઠી રહ્યા છે. કેટલાક સિગ્નલો પર તો બે મિનિટ કે તેથી વધુ સમય સુધી ઉભા રહેવું પડતું હોય છે પરિણામે બપોરે ગરમીથી રાહત અપાવતો નિર્ણય લેવામાં આવે તેવી લોકો લાગણી વ્યક્ત કરવામાં આવી છે.

શહેરના મુખ્ય સર્કલો જેમ કે ૧૫૦ ફૂટ રિંગરોડ, કેકવી ચોક, હોસ્પિટલ ચોક અને રૈયા રોડ પર સિગ્નલનો સમય ૧૨૦ સેડ (૨ મિનિટ)થી પણ વધુ હોય છે. ખુલ્લા રોડ પર સિગ્નલ પાસે ઊભા રહેતા દ્વિચક્રી વાહનચાલકો સીધા સૂર્યપ્રકાશ અને ગરમ પવનોનો શિકાર બની રહ્યા છે. લાંબો સમય તડકામાં ઊભા રહેવાથી હીટ સ્ટ્રોક અને ડિહાઈડ્રેશનની શક્યતા વધી જાય છે. ખાસ કરીને બપોરે કામ અર્થે નીકળવું પડે ત્યારે સિગ્નલ પર ૨-૩ મિનિટ ઊભા રહેવું એટલે ભઠ્ઠીમાં શેકાવા જેવો અનુભવ થાય . આ મામલે તંત્રએ માનવતાવાદી અભિગમ અપનાવી તાત્કાલિક સિગ્નલ બંધ કરવા જોઈએ. લોકોની માંગ છે કે જ્યાં સુધી ગરમીનું જોર ઓછું ન થાય ત્યાં સુધી બપોરે ૧ થી સાંજે ૪ વાગ્યા સુધી ટ્રાફિક સિગ્નલ 'બ્લિંકિંગ મોડ' (પીળી લાઈટ) પર રાખવા જોઈએ અથવા ટ્રાફિક જવાન દ્વારા મેન્યુઅલી સંચાલન કરવું જોઈએ જેથી વાહનોને લાંબો સમય થોભવું ન પડે. હવે જોવાનું એ રહે છે કે તંત્ર આ બાબતે ક્યારે સંવેદનશીલ નિર્ણય લે છે.

# નિવૃત્ત શિક્ષકને હનિટ્રેપમાં ફસાવી રૂ.૮૦ લાખની ખંડણી મંગાઇ

## જમીન લેવાના બહાને રાજકોટ બોલાવી પરાણે અશ્લીલ ફોટા પાડ્યા : રૂ.૧૨ લાખ ટ્રાન્સફર કરાવી વધુ પૈસાની માંગણી કરતા પોલીસ ફરિયાદ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના હામાપર ગામમાં વર્ષો સુધી શિક્ષણની જયોત જલાવનાર એક નિવૃત્ત શિક્ષક હનિટ્રેપની માયાજાળમાં ફસાયા હોવાની ચોંકવનારી વિગત પ્રકાશમાં આવી છે. જમીન લેવાના બહાને પાયલ નામની યુવતીએ નિવૃત્ત શિક્ષકને પોતાની જાળમાં ફસાવી શહેરની એક હોટલમાં બોલાવ્યા હતા. જ્યાં અગાઉથી ગોઠવાયેલા પ્લાન મુજબ બે અન્ય મહિલાઓએ વૃદ્ધ સાથે પરાણે શરીર સંબંધ બંધાવી તેના ફોટા પાડી લીધા હતા. જે ફોટા વાઈરલ કરવા અને બળાત્કારના ખોટા કેસમાં ફીટ કરી દેવા ધમકી આપી આ ટોળકીએ વૃદ્ધ પાસેથી ૮૦ લાખ રૂપિયાની માતબર ખંડણી માંગી હતી. જેમાંથી ૧૨ લાખ રૂપિયા પડાવી લીધા હોવાનું બહાર આવ્યું છે.

આ બનાવની માહિતી મુજબ બોટાદમાં રહેતા બટુકભાઈ માનસંગભાઈ પટેલ નામના નિવૃત્ત શિક્ષકે રાજકોટ એ ડીવીઝન પોલીસ મથકમાં પાયલ ભાવીન પટેલ તથા બે અજાણી મહિલાઓ સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવેલ હતું કે, વર્ષ ૨૦૨૫માં વૃદ્ધ શિક્ષક તરીકે નિવૃત્ત થયા હતા. નિવૃત્તી બાદ જમીનમાં રોકાણ કરવાની ઈચ્છા હોવાથી તેનો પરિચય પાયલ સાથે થયો હતો. બાદ પાયલે રાજકોટમાં સારી જમીન બતાવવાનું બહાનું કરી ગત ૭ ફેબ્રુઆરીના રોજ વૃદ્ધને રાજકોટ બોલાવ્યા હતા. રાજકોટ પહોંચ્યા બાદ તેણીએ રેલવે સ્ટેશન બાદ બસ સ્ટેન્ડ પાછળ આવેલી હોટલમાં લઇ જઇ અહીં હોટલના રૂમ નં.૩૦૭માં પાયલની સાથે આવેલી બે અન્ય મહિલાઓએ વૃદ્ધ સાથે જબરદસ્તી કરી કપડા ઉતરાવી અશ્લીલ ફોટા પાડી લીધા હતા. આ ફોટાના આધારે ટોળકીએ અશલી રૂપ બતાવી વૃદ્ધ પાસેથી રૂ.૮૦ લાખની માંગણી કરી હતી. જો રૂપિયા ન આપે તો પોક્સોના ગુનામાં ફસાવી દેવાની ધમકી આપી વૃદ્ધનું અપહરણ કરી અજાણી જગ્યાએ લઈ ગયા હતા. આખરે બદનામીના ડરથી ફફડી ગયેલા વૃદ્ધે ૧૨ લાખ રૂપિયામાં સમાધાન નક્કી કર્યુ હતું અને ગત તા.૯ ફેબ્રુઆરીના રોજ વૃદ્ધે પોતાના બેન્ક ખાતામાંથી પાયલના બેન્ક ખાતામાં આરટીજીએસ મારફત બાર લાખ રૂપિયા ટ્રાન્સફરક કર્યા હતા. તેમ છતાં આ ટોળકી વધુ રૂપિયા માટે ધમકીઓ આપતી હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.